# અનન્ય પરિવર્તન

January 2018, Mumbai ♦ Volume 8 ♦ Issue 1








## School Annual Day Celebration





## શ્રદ્ધાનો સથવારો

# શ્રદ્ધાનો સથવારો, કોલકાતા















With Best Compliments From

Vasant Vihar Mumukshu Group, Delhi

# ❁ અનુક્રમણિકા ❁


પ્રાર્થના .................................................. ૩

પત્રોની પાંખે .......................................... ૪

જ્ઞાન સાગર ............................................ ૬

पूज्यश्री की अमृतवाणी ......................... १०

The Master's Voice .......................... ૧૪

School Annual Day Celebration ...... ૧૭

પ્રશ્નોત્તરી ............................................ ૧૯

શ્રી રાધાવતાર ..................................... ૨૧

प्रेरक प्रसंग .......................................... २४

एक प्रेरणात्मक सत्य कथा ..................... २५

શ્રદ્ધાનો સથવારો .................................. ૨૬

ધારાવાહિક નવલિકા ................................ ૨૮

સંબંધોના સથવારે .................................. ૩૧

પરમ કૃપાળુદેવની ૧૫૦ મી
જન્મ જયંતિ નિમિત્તે જાત્રા ..................... ૩૨

સત્પુરુષાર્થ .......................................... ૩૪

સમાધિ મરણ ....................................... ૩૬

Monday Motivation .......................... ૩૯

RIYF ................................................. ૪૦

Measles And Rubella Vaccination
Camp ................................................ ૪૨

Kidzone ............................................. ૪૩

The Cryptocurrency and
The Bitcoin? ...................................... ૪૪

Recent News .................................... ૪૬

Health To Happiness ....................... ૪૮

Read & Win ..... Quiz ....................... ૪૯

તત્ત્વ ઉકેલ............................................. ૫૦

Forthcoming Events &
From Us to You ............................... ૫૧

Sponsorship .................................... ૫૨




















સૌ પ્રથમ, અનન્ય પરિવર્તન તરફથી વાચક વર્ગને ૨૦૧૮ના નવ વર્ષની શુભેચ્છાઓ. સામાન્યતઃ નવા વર્ષમાં લોકો નવા સંકલ્પો, નવી આદતો પાડવાનું અને જુની કુટેવો છોડવાના સંકલ્પો કરતાં હોય છે. સાધકો એ પણ નવ વર્ષના નિમિત્તે પોતાનો પુરુષાર્થ વધુ અસરકારક બનાવવાનો નિશ્ચય કરી, તેને અમલમાં મુકવા પ્રયત્ન કરવો જોઈએ. મોક્ષ માર્ગમાં જ્ઞાનીના વચનોનું ચિંતન - મનન - મંથન બહુજ અગત્યનું હોવાથી એ દિશામાં પુરુષાર્થનો સંકલ્પ કરવાથી માર્ગમાં ઝડપ વધારી શકાય છે. માટે ચાલો આપણે સૌ આ વાતની અગત્યતા સમજી પરમાર્થિક જીવનને વધુ રંગીન, ઉત્સાહી બનાવીએ.

પરમ કૃપાળુ દેવની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવ્યા પછી, ડિસેમ્બર મહિનામાં સંસ્થાના કોલકાતા સેન્ટર દ્વારા આયોજિત "શ્રદ્ધાનો સથવારો" કાર્યક્રમ સંપન્ન થયો. પત્રાંક ૪૯૩ના આધારે મોક્ષના ઉપાય દર્શાવતા પરમ પૂજ્ય પ્રેમાચાર્યજીએ પોતાની અત્યંત સરળ, અનુભવાત્મક અને તત્વથી લબોલબ એવી વાણીમાં પરમ સત્સંગમાં બોધ વર્ષા વરસાવી હતી. આ અંકમાં તેનો અહેવાલ જરૂર વાંચશો. તદ્ઉપરાંત ૨૪ ડિસેમ્બરે સંસ્થાની શાળાનો વાર્ષિક દિવસ પણ ધૂમધામથી પર્લી ખાતે ઉજવાયો હતો.

પરમ કૃપાળુદેવના જન્મ સ્થળ વવાણિયા તથા તેઓશ્રી જે બીજા સ્થળોએ વિચર્યા હતા જેમ કે સાયલા, ઈડર, નડિયાદ, વડવા, ખંભાત વિગેરેની એક વિશિષ્ટ જાત્રાનું આયોજન પણ ૨૫ થી ૩૧ ડિસેમ્બર દરમિયાન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૧૫૦ જણાએ લાભ લીધો હતો. પરમ કૃપાળુ દેવની દિવ્યતા સહુને સ્પર્શી હતી. જાત્રાનો અહેવાલ પણ આ અંકમાં છે. વર્ષના અંતે પર્લી ખાતે RIYFની શિબિરનું પણ આયોજન થયેલ.

આપ સર્વેનું નવું વર્ષ આનંદમય, પુરુષાર્થમય બની રહે એ ભાવના.



# હે ચૈતન્ય પ્રભુ !

મારી એવી યોગ્યતા અને પાત્રતા કરાવો કે આપની
સાચી ઓળખાણ થાય અને વૃત્તિ આપનામાં જ લીન રહે.

ઉદય કર્મ વખતે, ''હું આનાથી ભિન્ન આત્મા છું. આ પૂર્વ
કર્મનો ઉદય છે'' એ સમજણ દ્રઢપણે હાજર રહે.

સંસાર પ્રત્યેનો બળવાન વૈરાગ્યભાવ કેળવાવો જેથી
''હું આત્મા છું'' એની બળવાન પ્રતીતિ અને વિશેષ
અનુભવ થાય અને મોક્ષમાર્ગે જલ્દી જલ્દી આગળ વધું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સૌજન્ય : બે મુમુક્ષુ તરફથી, કોલકાતા

# પત્રોની પાંખે

*નિજી ભાવોને વ્યક્ત કરતા પરમાર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પરમ પૂજ્યશ્રી પ્રેમઆચાર્યજી સંબોધિત લખાયેલા જુદા જુદા મુમુક્ષુઓના પત્રોનાં જવાબમાં તેઓશ્રીના ઉત્તરરૂપી પત્રોની આ શૃંખલામાં તેમની નિષ્કારણ કરુણા અને પ્રેમસ્વરૂપ સહજ સ્વભાવના દર્શન થયા વગર રહેતા નથી. ચર્મચક્ષુથી વંચાતા એમના ગુજરાતી ભાષાના સાદા સીધા લાગતા શબ્દોને જો આત્મચક્ષુથી ઉકેલવામાં આવે તો અપરંપાર એવું આત્મત્વ ભરેલું દષ્ટિગોચર થયા વગર નથી રહેતું અને દંગ બની આશ્ચર્યચકિત થઈ ''અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.'' એ પરમ કૃપાળુ દેવનાં વચનો જીવ વેદ્યા વગર નથી રહી શકતો.*

આત્માર્થી બહેનશ્રી,

તમારો પત્ર મળ્યો. વાંચી વિગત જાણી. સ્મરણ માટે પુછાવ્યું છે તો તબિયત નાદુરસ્ત હોય અને અશાતા વેદનીયનો ઉદય હોય ત્યારે નીચે પ્રમાણે બોલશો.

''હે પરમ કૃપાળુ દેવ ! મારા આ અશાતા વેદનીય કર્મો જલ્દી જલ્દી શાંત થાય, નિવૃત્ત થાય તેવી કૃપા કરશો.''

''હે પ્રભુ ! જલ્દી જલ્દી સાથ આપો, જલ્દી જલ્દી રક્ષા કરશો.''

આ બેમાંથી કોઈપણ એક અથવા બન્ને અથવા વારાફરતી બન્ને જેમ અનુકુળતા હોય તેમ કરશો.

ભક્તિના જે પદો તમને આવડતા હોય તે મનમાં બોલ્યા કરો અને તેના અર્થ વિચારશો. આત્મસિદ્ધિમાંથી મતાર્થીના લક્ષણો અને આત્માર્થીનાં લક્ષણો મોઢે કરી નવરાશનાં સમયે તેનું ચિંતવન મનન કરો. મંત્ર સ્મરણ જેટલું બળ તેમાંથી મળી રહેશે.

આ સિવાય ''મૂળ મારગ સાંભળો'' તથા ''અપૂર્વ અવસર'' મોઢે કરીને તેના અર્થ વિચારશો.

ભવિષ્યમાં સમય મળે અને અનુકુળતા હોય તો જરૂર લખી જણાવશો, નિશ્ચય કરવામાં કયા કયા કારણો આડા આવતા હતાં જેથી કરીને તે દૂર કરી શકાય અને બીજાને તે આડા ન આવે.

બીજાના માટે જણાવ્યું તેમને કોઈ ઉંધે માર્ગે ચઢાવે છે માટે નિશ્ચય થતો નથી. તો યોગ્ય લાગે તો નામ વિગેરે સાથે જણાવશો તો દોષો દૂર કરવા સહેલા પડે.

સંસારમાં તો જેને આપણે ક્યારેય જોયા નથી, મળ્યા નથી, સાંભળ્યા નથી તેવી વ્યક્તિ માટે પણ આપણા બળવાન અભિપ્રાય હોય છે, ફક્ત બીજાના કહેવા માત્રથી. આમ છતાં આત્માર્થીએ તો જાગૃત રહેવું જ જોઈએ, કોઈ બચાવ ન ચાલે. બીજાનો અભિપ્રાય જાણી દોષ દૂર કરવા જ જોઈએ.

પરમ કૃપાળુ દેવની માન્યતા જ સાચી છે તે સિવાય બીજાને નવા ગુરુ ન માનવા જોઈએ ન તેમનો નિશ્ચય તથા આશ્રય કરવો જોઈએ. પરંતુ તેનો અર્થ એમ પણ નથી થતો, કે કોઈની પાસેથી પરમ કૃપાળુ દેવના વચનામૃતના વિશેષ ઊંડાણવાળા અર્થ સમજવામાં આવતા હોય તો પણ ન સાંભળવા. પરમ કૃપાળુ દેવને ગુરુ માન્યા પછી આપણા માતા-પિતા, ભાઈ-બહેન, પતિ કે પત્નિનાં સંબંધ તોડી નથી નાખતા. તેવી જ રીતે જ્યાં પરમ કૃપાળુ દેવના ગુણગાન થતાં હોય ત્યાં ન જવું, ન સમજવું, ન જ સાંભળવું તે કેમ વિચારી શકાય ? તે વિચારવા જેવું છે. એજ

''કેમ છીનવાઈ ગયું ? કેમ મારી સાથે જ આમ બન્યું ?'' તેનો જવાબ આગળના પાનામાં તમે આપેલ છે. જેના જે કર્મો જે પ્રકારે હોય તે કર્મો તેને તે પ્રકારે ભોગવવા પડે છે અને તમે તે સારી રીતે જાણો છો. વિશેષતા એ છે કે અજ્ઞાની જીવ આવા કર્મોનાં ઉદય વખતે દુઃખ ભોગવે છે અને તે કર્મની અકામ નિર્જરા થાય છે. પરંતુ ચિંતા, આર્તધ્યાન, વિભાવ, હાય - વોય કરી તેવા જ કર્મો બાંધે છે. જ્યારે જ્ઞાની જીવ તેવા કર્મોના ઉદયને કર્મોદય સમજે છે, પોતાનાથી ભિન્ન સમજે છે, સમતા ભાવમાં રહેવાનો પુરુષાર્થ કરે છે. દુઃખનું વેદન પ્રમાણમાં જ્ઞાનીને પણ થાય છે. છતાં આર્તધ્યાન થાય ત્યારે ''નથી કરવું'', ''નથી કરવું'' તેવા ભાવ કરે છે અને આર્તધ્યાન થાય છે તેની ક્ષમાપના કરે છે. આમ જ્ઞાની, અજ્ઞાનીને અશુભ કર્મો ભોગવવા પડે જ છે. અજ્ઞાની નવા બાંધે છે, જ્ઞાની પૂર્વ કર્મથી નવા ન બાંધી, છૂટે છે.

''ભવિષ્યમાં શું થશે ?'' ભૂતકાળની સ્મૃતિ અને ભવિષ્યની ચિંતા ફક્ત અજ્ઞાની જીવ કરે છે. જ્ઞાની બરાબર સમજે છે જે થવાનું છે તે થવાનું જ છે, અને નથી બનવાનું તે નથી જ બનવાનું. પૂર્વ કર્મબંધન અનુસાર કર્મો ઉદયમાં જેમ અને જ્યારે આવે તે ભવિષ્યની ચિંતા વગર સમતા ભાવે સહન કરવા તેમાં જ આત્માનું કલ્યાણ છે. અહીં પણ વિશેષતા એ છે કે ભક્તિ, સ્વાધ્યાય, ચિંતવન, મનન, ધ્યાન, વૈરાગ્ય, ઉપશમ આદિ સાધનોના ઉપયોગે કરી ઉદયમાં જે કર્મો નથી આવ્યા તેવા કર્મોનો ઉદય પહેલાં ક્ષય થાય છે અને જે બાકી રહી જાય તે ઉદયમાં આવે ત્યારે સમભાવે સહન કરવાથી ખરી જાય છે.

''આવું ન બને તેમાંયે ... શું કરવું ?''

ઉપર જણાવેલ ખુલાસાથી સમાધાન થવા યોગ્ય છે. તમારા આગળના પત્રો પણ મળ્યા છે પરંતુ જવાબ નથી આપી શકાયા માટે ક્ષમા યાચું છું.

સંસારી ''પદાર્થોની'' ઈચ્છા જ્ઞાનીને ન શોભે. છતાં, સમજણ છતાં સંસાર ભાવ બળવાન થતો હોય તો સહજભાવે પ્રભુને પ્રાર્થના કરવી, ''આવું ન મંગાય પરંતુ પૂર્વના અધ્યાસથી આ જોઈએ છે તેવા ભાવથી આર્તધ્યાન થાય છે તો, હે ! પ્રભુ આર્તધ્યાનથી છૂટવા આપને વિનંતી છે, મારી ઈચ્છા પુરી કરો. મારી પ્રતિજ્ઞા છે સંસારભાવો વધારી સંસાર નહીં વધારું, ભક્તિ કરી ઘટાડીશ'' વિગેરે

એજ આશિષ

એજ લિ.
આત્મભાવે વંદન.



સૌજન્ય : એક મુમુક્ષુ-દિલ્હી ગ્રુપ, દિલ્હી

# ભક્તિના સાધનો અને પ્રાર્થના ક્રમ



**પ્રાર્થનાની પાંચમી અવસ્થા**

**આપની પરમભક્તિ અને વીતરાગ પુરુષના મૂળ ધર્મની ઉપાસના મારા હૃદયને વિશે ભવપર્યંત અખંડ જાગૃત રહો એટલું માંગુ છું તે સફળ થાઓ.**

'હું આત્મા છું' એટલી સમજણ પડી ચૂકી છે. આત્મા અજર, અમર, અવિનાશી છે એ પણ અનુભવમાં આવી રહ્યું છે, માટે આ પુરુષાર્થ એક નહીં પાંચ, પંદર ભવ સુધી કરવો પડશે. માટે હે પ્રભુ! એવી શક્તિ અને બળ આપો કે આ ભવમાં જે પ્રાપ્ત કરેલું છે એ ભવોભવ મારી સાથે રહે અને ભવોભવ આપની ભક્તિમાં લીન રહીએ. જેને આત્માની નિત્યતા અથવા અમરત્વનો અનુભવ નથી એવા બીજા દર્શનના લોકો કહેશે, હવે તો પંચોતેર વર્ષની ઉંમર થઈ ગઈ, દેહ છૂટી જાશે પછી કોને ખબર શું થાશે મારા આત્માનું? હવે તો આ મનુષ્યભવ મારો નિષ્ફળ ગયો. વીતરાગમાર્ગની જેને યથાર્થ સમજણ છે એવા દરેકને એટલી ખબર હશે કે જે નાના મોટા શુભભાવ કરીએ છીએ એ ભાવથી કર્મબંધન થાય છે. આત્મા જ્યારે દેહ છોડે

છે ત્યારે આત્મા જ્યાં જાય ત્યાં આ ભવમાં કરેલા જે કંઈ કર્મો છે એ કર્મોને સાથે લઈને જાય છે. એટલે કે આ ભવમાં કરેલી જે કંઈ આરાધના છે એ બધી સાથે લઈને જાય છે અને જ્યાં પાછો નવો દેહ મળ્યો ત્યાં પાછો આરાધના શરૂ કરે. ભવોભવ સુધી મારી આ શ્રદ્ધા ટકી રહેજો કારણ કે ભવોભવ સુધી મારો આત્મા કર્મો સહીત છે, દરેક ભવમાં અનંતાઅનંત કર્મો કાપતો જશે. આપની કૃપાથી બે, પાંચ ભવમાં કદાચ મુક્ત થાય, જીવની જેવી શ્રદ્ધા અને બળવાન પુરુષાર્થ. આ વિનંતી કરીએ છીએ ત્યારે હૃદયમાં આ બધી સમજણ જીવને હોવી જોઈએ.

પરમ કૃપાળુ દેવને પ્રાર્થના કે વિનંતી થાય ત્યારે એના મય થઈ જઈએ તો જ કલ્યાણનું કારણ થાય. ફક્ત શબ્દથી બોલાય તો ન ચાલે.

આટલી દશા થયા પછી જે જે જીવની આત્મિકદશા જેટલી જેટલી વર્ધમાન થયા કરે છે, એટલો એટલો એને ગુરુ પ્રત્યેનો અહોભાવ - ભક્તિભાવ ચોક્કસ વધતો રહે છે.

> જે જે જીવની આત્મિકદશા જેટલી જેટલી વર્ધમાન થયા કરે છે, એટલો એટલો એને ગુરુ પ્રત્યેનો અહોભાવ-ભક્તિભાવ ચોક્કસ વધતો રહે છે.

**હવે તે સાધક ભક્ત અપૂર્વ હિતને સાધનાર આજ્ઞામંત્રની પ્રાપ્તિથી ઉલ્લાસિત થઈ ઈષ્ટ ધ્યેયની સિદ્ધિ માટે પુરુષાર્થી થાય છે. ભગવાનરૂપ સદ્‌ગુરુદેવમાં પ્રેમ અને શ્રદ્ધાનો ઝરો નિર્મળ કરતો અને આરાધનમંત્રની સાધના કરતો તે દિન પ્રતિદિન આગળ વધે છે અને ભાવનું બળ પ્રબળ કરતો જાય છે. શ્રી ગુરુદેવના ચરણે સર્વ સમર્પણ કરવાની તેની તીવ્રેચ્છા પ્રગટ થાય છે. પ્રેમ, શ્રદ્ધા, અને અર્પણ ભાવેચ્છાના બળથી તેનો આત્મોપયોગ સ્થિર થતો જાય છે. ઉપયોગ જેમ જેમ સ્થિરતા પકડે છે તેમ તેમ જ્ઞાનનો ઉદય સમીપ આવે છે અને પછી એક વખત શ્રી ગુરુદેવની અનુપમ કૃપાથી પ્રેમ સમાધિ બાદ ઉપયોગ એકદમ સ્થિર થઈ સહજતાએ શાંત થાય છે. એવી શાંતદશા અમુક સમય સુધી રહે છે અને તે અપૂર્વ શાંતિના અનુભવમાંથી બહાર નીકળતાં અલૌકિક અને પરના અવલંબન વિનાના આનંદનું વેદન થાય છે. આ જ ગ્રંથિભેદ છે, આત્મજ્ઞાન છે, સ્વસંવેદન છે, આત્મઅનુભૂતિ છે.**

પહેલું વ્યવહાર સમકિત કે જે ૧૫ ભવે મોક્ષનું કારણ થાય એ આ જ છે. આ દશા જ્યારે વધે ત્યારે જે અનુભવ અત્યારે છે એનાથી અનેક ઘણો બળવાન બીજો અનુભવ થશે જે કદાચ ચાર મહિનામાં પણ પોસીબલ છે અનેક કદાચ બીજો ભવ પણ લાગે. એનો કોઈ નિયમ નથી કારણ કે જીવને આવો અનુભવ થાય પછી એક પ્રકારનું અભિમાન આવી જાય છે કે હું બીજા લોકો કરતાં મહાન છું. આ એક અટકાયતનું કારણ છે. એકેન્દ્રીય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિયના પશુપંખીને જોઈને એવા ભાવ થાય કે એ ક્યારે મનુષ્યપણું પામે, ક્યારે મોક્ષે જાય, તો એ કરૂણાભાવ છે. આનો વિશેષ પ્રકારે અનુભવ કરીએ તો જે તીર્થંકર કે કેવળીના અનુભવ છે એ અને આપણા અનુભવ વચ્ચે કોઈ ફરક નથી.

સદ્‌ગુરુ પ્રત્યે જે ભક્તિ છે એમાં દિન - પ્રતિદિન વિશેષતા થવી જ જોઈએ. શ્રદ્ધા અને પ્રેમ વર્ધમાન થવાં જ જોઈએ. અમુક સ્ટેજ સુધી આગળ વધ્યા પછી સર્વ કંઈ અર્પણ કરી દેવાના ભાવ

ઉત્પન્ન થાય. અર્પણતાની જેટલી શરૂઆત થાય એટલી જીવની એકાગ્રતા વધે. જે કંઈ છે એ સર્વ આપી દેવાની ઈચ્છા થયા કરે છે; આ જગતમાં આત્મા સિવાય મારું કંઈ પણ નથી. બીજા પદાર્થો પ્રત્યે મારાપણાના ભાવ કરેલા છે, એજ જીવનો સૌથી મોટો દોષ છે. મારો તો એક આત્મા જ છે અને એ સર્વ પ્રકારે સદ્‌ગુરુને અર્પણ કરેલો છે. આટલું જ્યારે થાય ત્યારે સંસારમાં તીવ્ર એવા જે રાગના કારણો; માતા, પિતા, પુત્રી, પત્ની, ધન, દૌલત, સંપત્તિ એના પ્રત્યે અનાદિકાળથી જે તીવ્ર રાગ ચાલે છે, એ ચોક્કસ ઓછા થાય છે. જ્યાં સુધી રાગ-દ્વેષ ન જાય ત્યાં સુધી આત્મ અનુભૂતિ પણ ન થાય એ નિયમ છે.

રાગદ્વેષનાજેબળવાન કારણો છે એનો જેટલો જેટલો છેદ ઉડે છે એટલાં રાગદ્વેષના બળવાન કારણો હાજર થતાં નથી. જેટલાં રાગદ્વેષના કારણો હાજર થતાં નથી એટલું મન સદ્‌ગુરુ પ્રત્યે એકાગ્રતામાં રહે છે. જ્યારે સદ્‌ગુરુ પ્રત્યે આવી પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા થાય છે ત્યારે 'વ્યક્તિ સદ્‌ગુરુ' રહેતાં નથી, એ 'તત્વ સદ્‌ગુરુ' થઈ જાય છે. આવી એકાગ્રતા વારંવાર ચાલ્યા કરતી હોય, દિવસમાં એકવાર, બેવાર, મહિનાઓ સુધી, સદ્‌ગુરુના વિચારમાં લીન થઈ જવાય એને પ્રેમસમાધિ કહેવાય. સદ્‌ગુરુનાં જે કંઈ દૈહિક ગુણો કે આત્મિક ગુણો કહીએ એમાં એકાગ્રતા થતાં, રાગદ્વેષ ઘણા ઓછા થઈ ચૂક્યા છે, એટલે મન ભાગી શકે એવું નથી. ત્યાર પછી સદ્‌ગુરુના વિચાર માત્ર બંધ થઈ જાય છે. મન એકદમ શાંત થઈ જાય છે. એ વખતે નીરવ શાંતિનો અનુભવ ત્યાં થાય છે અને આવી શાંતદશા અમુક સમય સુધી રહે છે. શાંતિ કેટલી મિનિટ, સેકંડ રહી એ શરૂઆતમાં ખબર ન પડે પણ શાંતિમાંથી જ્યારે બહાર નીકળે ત્યારે ખબર પડે ક્યાંક ખોવાઈ ગયાં હતાં. જ્યારે અંદર અનુભવ ચાલતો હોય ત્યારે આનંદ ન હોય, આત્મા સાથે એકરૂપતાં હોય. મન, બુદ્ધિ, ચિત્ત, હાથ, પગ બધુ શાંત, શાંત, શાંત હોય. બહાર નીકળ્યા પછી આનંદનું વેદન થાય. આનંદ આવે છે ત્યારે આત્મામાંથી બહાર નીકળી ગયા. આનંદ એ પોતે આત્મસમાધિ નથી. શાંતદશા અમુક સમય સુધી રહે છે. એ અપૂર્વ શાંતિના અનુભવમાંથી જ્યારે બહાર નીકળીએ ત્યારે બધી ઈંદ્રિયો, મન, બુદ્ધિ એક્ટીવ થઈ પછી કામે લાગે છે. એ પહેલાં આત્મા એકલો જ હાજર છે. બધી ઈન્દ્રિયો સુઈ ગઈ હોય છે એમ કહીએ તો ચાલે. આટલું થાય તો ૧૫માં ભવે મોક્ષ છે. અને બળવાન પુરુષાર્થ કરી લઈએ તો ચોક્કસ ખબર પડશે કેટલાં ભવ પછી શું થઈ શકે છે!

**આ જગતમાં આત્મા સિવાય મારું કંઈ પણ નથી. બીજા પદાર્થો પ્રત્યે મારાપણાના ભાવ કરેલા છે, એજ જીવનો સૌથી મોટો દોષ છે.**

**ભક્ત આ અનુભવ શ્રીગુરુ સમગ્ર વર્ણવી બતાવે છે, ત્યારે શ્રીગુરુ તેની તથ્યતાનો સ્વીકાર કરે છે અને તેને સમકિત થયાની મ્હોર મારે છે અને આશિષ આપી આગળ વધવા પ્રેરણા આપે છે.**

**ચૈતન્યપ્રભુનો દિવ્ય અનુભવ થયાનું શ્રી સદ્‌ગુરુદેવ પાસેથી જાણતાં ભક્તનું હૃદય આનંદથી ઉભરાય છે અને તેમની અસીમ કૃપા બદલ હર્ષથી ઘેલો થઈ વારંવાર વંદન નમસ્કાર કરે છે અને ઉપકાર માને છે. યથાર્થપણે ઉપકાર માનવા જેટલા શબ્દો જડતા નથી, વળી હર્ષોર્મિ એટલી વેગવાળી છે કે અંતરમાં પ્રગટેલાં ભાવો પૂરા બહાર આવી**

**શકતાં નથી તેનાથી માત્ર આટલું જ બોલાય છેઃ-**

**''અહો, અહો, શ્રી સદ્‌ગુરુ કરૂણાસિંધુ અપાર;**
**આ પામર પર પ્રભુ કર્યો, અહો, અહો, ઉપકાર.**
**શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સહુ હીન;**
**તેં તો પ્રભુએ આપીયો, વર્તું ચરણાધીન.**
**આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;**
**દાસ, દાસ, હું દાસ છું, આપ પ્રભુનો દીન...**

**શ્રીમદ્ રાજચંદ્ર**

આટલી અનુભૂતિ થયા પછી આ દેહ અને દેહના સંબંધીત કોઈપણ વસ્તુ મારી નથી, એ પ્રભુને આધીન છે, પ્રભુની છે. કોઈપણ જડપદાર્થ દેહ સહિતના મારા નથી. દેહ નહીં, આ આત્મા તમારો દાસ છે, જે આજ્ઞા આપો એ આજ્ઞાનું આરાધન એ જ આ જીવનો ધર્મ.

**સદ્‌ગુરુના વિચારમાં લીન થઈ જવાય છે એને પ્રેમસમાધિ કહેવાય.**

જીવને શાંતિનો, આનંદનો, એક અજીબતરહના સુખનો સાક્ષાત અનુભવ ચોક્કસ ચોક્કસ થઈ ચૂક્યો છે અને અનુભવ પછી સદ્‌ગુરુએ મ્હોર પણ આપી છે કે સમક્તિ થઈ ગયું છે. પણ કેટલાય ભવોના જે સંસ્કાર છે એના કારણે સદ્‌ગુરુની મ્હોર મળી પણ ગઈ હોય તો પણ જીવને અમુક વખત કે વર્ષો પછી અશ્રદ્ધા હાજર થાય જ છે  કે મને ફોસલાવવા માટે ગુરુએ કહી દીધું તને સમક્તિ છે પણ મને સમક્તિ નથી. જીવ અંતરના ઊંડાણમાં સમજે છે કે મારામાં હજી ક્રોધ, માન, માયા, લોભ છે, સંસારના ભાવ છે, પાંચે ઈંદ્રિયોના વિષયો ભોગવવાના ભાવ છે અને આવા બધા ભાવો જો મારી પાસે હોય તો મને સમક્તિ કેવી રીતે હોઈ શકે ?

તમને જ્યારે વ્યવહાર સમક્તિ કહીએ છીએ તો મહાવીરની યુનિવર્સીટી અને કૃપાળુદેવની કૉલેજમાં એડમીશન મળી ગયું છે. હવે ચાર કે પાંચ ભવમાં ધીમે ધીમે પ્રગતિ થવાની છે. સમક્તિની પ્રાપ્તિ પહેલાં શું હોય ? મિથ્યાત્વ. મિથ્યાત્વમાંથી જરાક તમે આ બાજુ આવ્યા એને સમક્તિ કીધું. એનો અર્થ એ નથી થાતો કે તમારાં બધાં દોષો વહ્યાં જાશે. જો બધાં દોષો જતાં હોય તો બધા ભગવાન પહેલાં જ ભવે મોક્ષે ગયા હોત. સમક્તિની પ્રાપ્તિનો અર્થ સમ્યક પ્રકારે મોક્ષમાર્ગની સાચી સમજણ લીધેલી છે. જેનું બીજું નામ સમ્યકજ્ઞાન અને સમ્યકદર્શન કહીએ છીએ. ચારિત્ર કહેતાં પ્રેક્ટીશમાં આવતાં થોડા વર્ષો લાગે, એકાદ બે ભવ પણ લાગે. પરમ કૃપાળુ દેવ પ્રભુશ્રીને કહેતાં, ''અમે સમક્તિનું બી વાવેલું છે એટલે કે તમને સમક્તિ છે; હવે ખોતરી ખોતરીને ખરાબ નહીં કરતાં, નહીં તો બી ઊગશે નહીં.'' વારંવાર જો આ ભાવ રહ્યાં કરતાં હોય કે મને સમક્તિ નથી, મને સમકિત નથી તો આ સમક્તિ હજારવાર આવે, હજારવાર જાય પણ પાકું કરીને રાખેલું હોય તો વર્ધમાન થાય, જરૂર થાય. આટલી ખાસ સમજણ લેવા જેવી છે. આટલું પ્રેક્ટીકલ સમજાય એવો માર્ગ હોવા છતાં કેટલાય ભવોનાં આપણા સંસ્કાર છે કે સમક્તિ તો મળે જ નહીં. ◆

* ભક્તિમાર્ગનું રહસ્ય .... લેખક : શ્રી ભોગીલાલ ગીરધરલાલ શેઠ

---

**નોંધ :** પૂજ્યશ્રીના 'ભક્તિમાર્ગનું રહસ્ય'ના વિવેચનોનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

**સૌજન્ય : નિમિષ રણધીર ઝવેરી, મુંબઈ**

# वचनामृत पत्रांक ९७

**सत्पुरुषोंने धर्म, अर्थ, काम और मोक्ष इन चार पुरुषार्थो को प्राप्त करनेका उपदेश दिया है। ये चार पुरुषार्थ नीचेके दो प्रकारसे समझमें आये है -**

**१. वस्तुके स्वभावको धर्म कहा गया है।** **२. जड़चैतन्यसम्बन्धी विचारोंको अर्थ कहा है।**
**३. चित्तनिरोधको काम कहा है।** **४. सर्व बंधनसे मुक्त होना मोक्ष है।**

**इस प्रकार सर्वसंगपरित्यागीकी अपेक्षासे घटित हो सकता है। सामान्यतः निम्न प्रकारसे है-**

**धर्म- जो संसारमें अधोगतिमें गिरनेसे रोककर धारण कर रखता है वह धर्म है।**

**अर्थ- वैभव, लक्ष्मी, उपजीवनमें सांसारिक साधन।**

**काम- नियमितरूपसे स्त्री-सहवास करना काम है।**

**मोक्ष- सब बन्धनोंसे मुक्ति मोक्ष है।**

**'धर्म' को पहले रखनेका हेतु इतना ही है कि 'अर्थ' और 'काम' ऐसे होने चाहिये कि जिनका मूल 'धर्म' हो।**

**इसीलिये 'अर्थ' और 'काम' बादमें रखे गये हैं।**

**गृहस्थाश्रमी सर्वथा धर्मसाधन करना चाहे तो वैसा नहीं हो सकता, सर्वसंगपरित्याग ही चाहिए गृहस्थके लिये भिक्षा आदि कृत्य योग्य नहीं है।**

**और गृहस्थाश्रम यदि-**

**वस्तु के स्वभाव को धर्म कहा गया है।** पदार्थ का जो मूल-भूत गुण है, उस गुण को पदार्थ प्राप्त करे उसका नाम धर्म है और उसे प्राप्त करने के लिये जो पुरुषार्थ आदि हैं उसे धर्म की रीत अथवा धर्म के साधन कहते है।

आत्मा नाम का पदार्थ जो विभाव में है, वो विभाव छोड़कर स्वभाव में आये, पर परिणती छोड़ने के लिये जो पुरुषार्थ है वो धर्म की विधि है और परिणाम यह है कि आत्माने धर्म को प्राप्त कर लिया।

**जड़ चैतन्य संबंधी विचारों को अर्थ कहा है।**

यहाँ 'अर्थ' का अर्थ होता है - मिनिंग। किसी भी शब्द को लेते है तो हम पूछते है कि यह शब्द मुझे समझ नहीं आ रहा, इस शब्द का अर्थ क्या है? तो शब्द का गहराई से अर्थ समझना वो परमार्थ का अर्थ हुआ। किसी भी शब्द का अर्थ डिक्शनरी में से पढ़ लें वो एक और उसी शब्द को जब हम अनुभव से जानते हैं तब कुछ अलग ही हो जाता है। एक उदाहरण : होटल में जाते हैं तो प्रत्येक होटल का अपना अलग ही मेन्यु होता है। नाम कुछ भी लिखे होते है, फिर ब्रेकेट में लिखते हैं कि उसमें इतनी सामग्री हैं। एक ही प्रकार के पकवान के अलग - अलग होटेल में अलग - अलग नाम होते हैं। हम अलग नाम देखते हैं तो परेशान हो जाते हैं यह क्या होगा?

अब तक संसार के पदार्थ की बात की। अब जड़ और चैतन्य संबंधी विचार करो - अर्थात् जड़ और चैतन्य का सही अर्थ क्या होता है? जीव को जब जड़ और चैतन्य का संपूर्ण रूप से ज्ञान होगा तब उसका संपूर्ण अर्थ समझ में आयेगा। और जिन्हें जितना अर्थ समझ में आया है उनको उतना धर्म समझ में आया है। उनकी सूक्ष्मता को विशेष प्रकार से समझते है। फिर धर्म का विशेष विशेष अर्थ समझ में आयेगा और वास्तव में क्या करना है वो जीव को समझ में आ सकता है।

जब तक जड़ के सूक्ष्म परमाणु, चेतन की सूक्ष्म दशा

पूर्ण समझ में न आये और धर्म की आराधना, मंत्र का आराधन, शास्त्र का वांचन एक नहीं अनेक भवों तक करते ही रहे तो जिस पदार्थ को जानना है उसे किस प्रकार से जाने पायेंगे? धर्म के शास्त्र में लिखे वचनों का अत्यंत सूक्ष्म रुप से अवलोकन और अनुभव हमें होगा तब धर्म अत्यंत सहजता से प्राप्त होगा।

इतनी भूमिका के बाद जड़ का अत्यंत अत्यंत सूक्ष्म स्वरुप क्या है? चेतन पदार्थ का अत्यंत सूक्ष्म स्वरुप क्या है? चेतन के अत्यंत छोटे से छोटे भाग को ''प्रदेश'' कहते हैं और जड़ की अत्यंत सूक्ष्मता को ''परमाणु'' कहते है। आज जिसे एटम के नाम से जानते हैं, उसके अंदर इलेक्ट्रोन और प्रोटोन है। उससे भी अत्यंत सूक्ष्म परमाणु हैं। एक परमाणु जितनी जगह रोकता है, उतनी जगह को प्रदेश कहते है। आत्मा नाम का पदार्थ जो अदृश्य, अमूर्त है तो उसकी सूक्ष्मता समझने के लिये प्रदेश कहते हैं। तो परमाणु और प्रदेश का जो सूक्ष्म स्वरूप है वो धर्म में कहाँ पर काम आता हैं?

कार्मण और तेजस वर्गणा कर्म की अत्यंत सूक्ष्म वर्गणा है जो जड़ का अत्यंत सूक्ष्म स्वरूप है। चेतन का अत्यंत सूक्ष्म स्वरूप प्रदेश है। जब ये कार्मण वर्गणा अर्थात् सूक्ष्म परमाणु आत्मा के प्रदेश को स्पर्श होते हैं उस समय प्रतिक्रिया होती है जिसे कर्म बंधन कहते है, अर्थात् आत्मा (जान) को आवरित कर देते हैं। दूसरे प्रकार के रजकण दर्शन को आवरण करते हैं। तीसरे प्रकार के वेदनीय को, जिससे अत्यंत ऐसा दुःख मिलता रहे। यह है जड़ का अत्यंत सूक्ष्म स्वरूप। और उनके अंदर रही यह सभी शक्तियाँ है। यह शक्ति जब आत्मा के प्रदेशों को स्पर्श करती है तब सक्रिय होती है।

कर्म की वर्गणा आत्म प्रदेश से अलग हो जाये, उससे मुक्त हो जाये उस दशा का नाम ''मोक्ष'' है। फिर आत्मा स्वाभाविक रूप से सिद्धालय में अपने आप चला जायेगा।

परमाणु की सूक्ष्मता कितनी है? हम सभी ने किसी न किसी की मृत्यु देखी होगी। मृत्यु के समय आत्मा देहसे बाहर निकलता है। आत्मा अमूर्त अदृश्य ऐसा पदार्थ है जो दिखता नहीं है। परंतु जड़ पदार्थ तो मूर्त है ना? जड़ तो दिखाई दे ऐसा है ना? अनंता अनंत कर्म एक एक प्रदेश पर चिपके हुए है। ऐसा अनंत प्रदेशवाला आत्मा जब देह में से निकलता है तब उसके साथ जड़ वर्गणा किसी ने देखी है? यही उसकी सूक्ष्मता है। चेतन के साथ साथ इन कर्मो की भी इतनी सूक्ष्मता है।

आत्मा पूरे ब्रह्मांड में जब अलग-अलग योनि और गति में जाता है तब आत्मा के साथ अनंत कर्म भी जाते हैं। तो कितनी सूक्ष्मता है इन सूक्ष्म कर्म की वर्गणा की? जितनी गहराई से चिंतन - मनन, विचार कर सके तो आत्मा के अंदर कुछ अजीब तरह की तीक्ष्णता (शार्पनेश) उत्पन्न होती है। उस तीक्ष्णता के कारण आत्मा जहाँ चाहे वहाँ एन्ट्री ले सकता है।

कहने का आशय है कि जैसे - जैसे चितंन मनन गहराई से होता जायेगा, तो शास्त्र में से नहीं, आत्मा में से अपने आप सूक्ष्मता के अनेक भेद प्रकट होंगे और तब सत्पुरुषार्थ की समझ पड़ेगी। अनेक भवों से अब तक जो पुरुषार्थ किया है वो धर्म की अनेक प्रकार की क्रिया के रुप में किया है। आत्मा को किस दशा में पहोंचाना है, उसका लक्ष, उसकी समझ ही नहीं। इस प्रकार अर्थ अर्थात् धर्म अर्थ।

**पदार्थ का जो मूल-भूत गुण है, उस गुण को पदार्थ प्राप्त करे उसका नाम धर्म है और उसे प्राप्त करने के लिये जो पुरुषार्थ आदि हैं उसे धर्म की रीत अथवा धर्म के साधन कहते है।**

शुरुआत में, कुछ समय के लिये, शास्त्रों का आधार लेकर विचार शक्ति वर्धमान करनी होगी। आपने २५ प्रकार की बर्फी खायी होंगी तो बर्फी पर आप जरूर से बोल सकते हो परंतु जिंदगी में एक बार भी बर्फी चखी नहीं होगी तो बर्फी पर एक वाक्य भी नहीं बोल सकेंगे। इसलिये शरूआत में कुछ समय के लिये शास्त्र वांचन, सद्गुरु बोध आदि का चिंतन मनन अत्यंत अत्यंत जरूरी है। आत्मदशा वर्धमान करने के लिये केवल चिंतन-

सौजन्य : धारा प्रितम देढिया, मुंबई

मनन करते करते आखिर तक, गहराई तक पहुंच सकते हैं। ज्यादा लक्ष चिंतन-मनन पर चाहिये, परंतु वांचन के बाद, वांचन के साथ।

**''काम''– चित्त निरोध को काम कहने में आया है।**

काम क्या है? चित्त निरोध है। इस जगह काम का अर्थ होता है कि आपका कर्तव्य। काम मतलब वासना अथवा विषय, यह अर्थ बिलकुल नहीं है।

चित्त निरोध अर्थात् चित्त को रोकना किसी भी प्रकार से वो काम है अर्थात् कर्तव्य है। चित्त चंचल है। एक सेंकड में कहाँ से कहाँ पहोंच जाता है। अभ्यंतर इन्द्रियाँ मन-चित्त-बुद्धि कहो वह एक सेंकड में कहां से कहाँ जातें हैं। उसका कारण है पर निमित्त यानी पर पदार्थ को अभ्यंतर रुप से या बाह्य रुप से चित्त जब देखता है तो इन्द्रियों को सूचना देता है कि भोग के

**जैसे - जैसे चिंतन मनन गहराई से होता जायेगा, तो शास्त्र में से नहीं, आत्मा में से अपने आप सूक्ष्मता के अनेक भेद प्रकट होंगे और तब सत्पुरुषार्थ की समझ पड़ेगी।**

पदार्थो को लाओ और भोगने के लिये दो। यह चित्त की चंचलता है।

इन पदार्थो को दो प्रकार से बताया। एक तो साक्षात द्रव्य रुप में उस पदार्थ को देख कर और दूसरा अभ्यंतर रुप से मतलब वो पदार्थ देखा नहीं परंतु आंख बंध वैसे कर कल्पना में वो पदार्थ को उत्पन्न कर के ऐसा होगा वह सोचना।

अभ्यंतर रुप से या बाह्य रुप से पर पदार्थ का निमित्त मिलते ही तुरंत यह चित्त, जो चंचल है जिस पदार्थ को देखता है, उस पदार्थ की प्राप्ति किस प्रकार हो ऐसा सोचता है और जितने विचार होते हैं वो उसकी चंचलता। यदि वो पदार्थ प्राप्त न हो तो व्याकुलता के कारण अब क्या? यही चंचलता पदार्थ को पकड़ लाती है और भोगने के लिये देती है। शरीर और इन्द्रियों द्वारा भोगने में आता है तब जो सुख दुःख का अनुभव होता है अथवा वेदन होता है वो बाह्य सुख है। तो यह भी उसकी चंचलता है। अब, एक सेंकड में कितने पदार्थो को आप सोच सकते हो? जितने भी पदार्थो को सोच सकते हो, गुणाकर उतने से ही करो, वह चित्त की चंचलता। कितनी बार आप सफल होते हो वो गुणाकार करो। कितनी बार निष्फल हुए वह भी। चित्त को रोक देने का भवोभव से प्रयत्न किया है। कई लोग पूछते हैं मन वश में नहीं होता? मन वश में नहीं आता? मन को वश में कैसे लाया जाता है? बहुत ही दुर्लभ है। बड़े बड़े ऋषि मुनि भी मन को वश में नहीं रख सकते।

मन की चंचलता का कारण है पर पदार्थ की आसक्ति भाव या महात्मय भाव। दोनों में से कुछ भी हो तो चित्त की चंचलता वहाँ हाजिर होती है। पर पदार्थ का महात्म्य धीरे धीरे कम करने में आये, ''यह मेरे काम का नहीं'', ''यह मेरे काम का नहीं'' ऐसा महिनों तक, सालों तक यदि प्रेक्टिस करने में आये तो उस पदार्थ के लिये जो कुछ आसक्ति भाव है वो अवश्य ही टूटता है यह नियम है। यदि वो आसक्ति भाव टूटता जाये तो, मन की चंचलता कम अवश्य ही होगी। क्यो नहीं होंगी?

मन को वश करने के लिये अमेरिका में आज भी हजारों पुस्तके मिलते होंगे और मन, चित्त को वश करने के लिये इतना ही साहित्य इधर भी मिलता होगा। परंतु आप खुद ही निश्चित करो कि कौन - कौन से पदार्थ के प्रति आपको तीव्र आसक्ति है और जब तक वह हाजिर होता है अथवा हाज़िर नहीं होता तो मन की चंचलता कितनी है?

नकारात्मक भाव करने से, पदार्थ को धक्का देने से वो वापस आ जाता है या रुप बदल कर मौजूद हो जाता है। बहुरुपिया जैसे ड्रेस बदलता है ऐसे। हमको मालूम ही नहीं पड़ता कि वो पदार्थ हाजिर हुआ है। तो पदार्थ से भागने की जगह, उसके प्रति जो आसक्ति भाव है, अटेचमेन्ट कम करने का है। अब आप पूछोंगे कि यह कम किस प्रकार से होता है? मैं तो कितने समय से प्रयत्न कर रहा हूँ, परंतु कम नहीं होता। तो वापस एक बार ट्राय करना। अंतर की गहराई से नकारात्मक भाव कि यह मुझे नहीं करना, यह मुझे नहीं करना। आप

देखोगे कि दो तीन चार साल में वह पदार्थ की आसक्ति टूट जायेगी। इस प्रकार एक ही समय पर दो तीन पदार्थ का विचार करेंगे तो आपकी दशा में जमीन आसमान का फरक साक्षात् अनुभव में आयेगा।

अनंतकाल से अब तक जो कुछ नहीं मिला वो दो, पांच, पंद्रह वस्तुओं का त्याग अथवा अंतरंग से उस पदार्थ के प्रति आसक्ति भाव टूट जाये तो निश्चित मानना कि पूरी सिस्टम आपकी समझ में आ गयी है। दो या तीन भव में उसका बलवान रुप से प्रयोग कर के बंधन से छूट सकते हो। यह है काम।

चित को निरोध करना कर्तव्य है। इतना ही करना है और इतना हो जाये तो मोक्ष मार्ग समझ में आ जाये ऐसा है। यह है काम। जीव को जिस-जिस प्रकार के बंधन है उस बंधन से छूट जाना उसका नाम मोक्ष। बंधन क्या है? हमने खुद ने किये हुए भाव! आज जिस प्रकार से भाव करते हैं यह चाहिये, यह नहीं चाहिये, अर्थात् ऐसा जो भाव है वो भाव ही हमारा बंधन है। पदार्थ तो बाद में आता है।

फिर से बताते है कि अब तक १०० प्रतिशतः मान्यता है कि यह पत्नी है, प्रिय है और चाहिये ही चाहिये। आज के जमाने में मोटर-गाडी आदि वैभव है। जो पदार्थ है वो आसक्ति है। यह मुझे चाहिये ऐसा भाव करने से वो पदार्थ की प्राप्ति होती है। पहले तो हमारे भाव होते है कि मुझे ऐसा चाहिये, अथवा तो मेरे आत्मा को सुख का कारण क्या है? तो ऐसे - ऐसे पदार्थ ऐसे संजोग में इस प्रकार मिल जाये और यह भोगने को मिले क्योंकि आत्मा की समझ नहीं है। भोगता है आत्मा खुद ही परंतु स्वरुप का लक्ष न होने से, ''मैं आत्मा हूँ'' यह समझ न होने से आत्मा कहता है कि ''मुझे सुख चाहिये, मुझे सुख चाहिये''। आत्मा को तो भूल गये है, देह है वो मैं हूँ ऐसी समझ है इसलिये सुख के साधन को देह से भोग सकते है। देह से भोग कर जो पर पदार्थ में से सुख मिलता है, उस सुख का आनंद आत्मा ही लेता है परंतु आत्मा को मालूम नहीं। इसलिये पर पदार्थ में से मिथ्या सुख, क्षणिक सुख का आनंद लेकर भवोभव से सुखी रहते हैं। साथ साथ लौकिक, प्रचलित धर्म की अनेक प्रकार की क्रिया करते हैं।

परंतु बंधन से मुक्ति नहीं मिलती। क्योंकि बंधन क्या है वो ही जीव को मालूम नहीं। त्याग का मन हो तो सब कपड़े निकाल कर भाग जाता है, परंतु जो आसक्ति भाव है वो जैसा था वैसा ही रहता है। उदाहरणः एक साधु ४० साल तक जंगल में तपस्या करते है। ४० साल बाद शहर में आते है तब पूछते हैं वो लड़की कहाँ है? किसी लड़की को देखकर साधु जंगल में गये थे।४० साल के बाद भी उस लड़की की मुद्रा दिमाग में से नहीं गयी थी। आकर पूछते हैं वो लड़की गांव में ही है?

**पर पदार्थ का महात्म्य धीरे धीरे कम करने में आये ''यह मेरे काम का नहीं'', ''यह मेरे काम का नहीं'' ऐसा महिनों तक, सालों तक यदि प्रेक्टिस करने में आये तो उस पदार्थ के लिये जो कुछ आसक्ति भाव है वो अवश्य ही टूटता है यह नियम है।**

लड़की का हावभाव, चेष्टा सभी कुछ याद था। तो कहने का आशय यह है कि पदार्थ को पकड़ते हैं पर उस भाव को क्षय करना है। भाव का दुसरा नाम है आत्मा के अपने विभाव। आत्मा के अपने विचार है, उस विचार में विशेष समझ जैसे-जैसे लेने में आयेगी और पदार्थ का नेगेशन, नकारभाव, मुझे यह नहीं चाहिये, यह मुझे नहीं चाहिये, यह भाव दूर होते ही आसक्ति भाव कम होता है और बंधन टूट जाता है। ◆

**... क्रमशः**

**ॐ शांतिः शांतिः शांतिः**

**नोंध :** पूज्यश्री के पत्रांक ९७ के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

*सौजन्य : भारती राजेश देढिया, मुंबई*

*SHRIMAD RAJCHANDRA VACHANAMRUT*

# Patrank 166

***In the previous issue, we saw that……..***

***Param Krupaludev in the opening part of the Letter, posed an important question for us to reflect upon. In what manner is knowledge of infinite scriptures hidden in every word of a Self Realized Person? And then laid down 5 sentences in which the secret to self realization is contained. If these get ingrained in life and one keeps deeply pondering over them again and again, they will become a cause for liberation. In the first sentence, Param Krupaludev says that unless and until worldly desires of all kinds are given up, it is impossible to get liberated and in the second one, He says, anyhow search for a Sadguru and surrender unto him and follow his agnya.***

***….. and continue herewith as under.***

**3. During the course of this ages old transmigratory cycle (of birth & death), infinite times one has studied scriptures, educated oneself, infinite times one has renounced the world and infinite times, one has become an acharya (spiritual teacher). Yet, "truth" has eluded, "truth" is not heard, "truth" is not believed and only on finding it, hearing about it and believing in it, the soul will resonate the answer from within that I will get liberated.**

Param Krupaludev in his poem, "Yam Niyam Aap Kiyo….." has said that this jeev in his ages old transmigratory cycle has done infinite number of religious activities, performed severe austerities and yet they all have not yielded any fruits. In a similar manner, jeev has not once but millions of times studied scriptures. In every Paryushan or in the 4 auspicious months heard stories, life histories of Tirthankers and so on. Similarly, one has acquired knowledge of other philosophies. Having studied thus, jeev has felt he should abandon this world in search of soul and renunciated wordly life infinite number of times and even acquired the status of an Acharya, a spiritual teacher, who manages the religious order and lays down rules, regulations and code of conduct for renunciates. We all have done everything but missed the understanding that, "I am soul" and I (soul) have to realize myself. That is why Param Krupaludev says, **yet, "truth" has eluded.**

Whatever we have done in the name of spirituality or religion is meant for our own souls. That we also have the capacity and necessary virtues in us to achieve uttimate freedom is the understanding we have missed. I am soul and in this human birth, I can achieve self realization is not understood. The thought that I should know my own soul has never come to us and even if it has, we have in its search visited several different places but have never gone to such a person who is self realized, an expert who knows the tricks and secret. If one can find such a one, that only is the path of liberation.

**"Truth is not heard"** means the unique and distinctive characteristics of soul, how does it

look like, what are its virtues, how is my soul at this point of time? With what kind of karmas it is covered? And how can they be shed? What kind of karmas can I get rid in this birth? Knowing and hearing about such things lead to liberation.

> **To know the soul is the path of dharm. The soul lies within the body and cannot be found merely by doing any outside activity, such as performing austerities, studying scriptures etc.**

We haven't had the belief that my soul has the capacity to liberate itself. This is possible after coming and remaining in contact with a Sadguru. In Infinite lifetimes, the above mentioned 3 things have not happened. The goal has always been to acquire worldly happiness. Though we may have met a self realized person, we haven't had the required belief in his words of wisdom and that I should follow him.

**"only on finding it, hearing about it and believing in it, the soul will resonate the answer from within that I will get liberated".**

When the soul will arouse itself and think that I want to be free, then Sadguru will be found and surrendering unto him, true discipleship will be come. If this happens, a jeev will certainly acquire freedom in due course of time. Such an answer will resonate from deep within the soul and not from intellect. A jeev will know that it is my soul who is giving the answer, not my mind and can now very well recognize his soul's answer.

**4. The path of liberation is not outside but within the soul. Only the One who has trodden the path will be able to show it.**

A jeev does not understand what is meant by true "dharm". It is believed that visiting a temple, gurdwara or a mosque, singing bhajans, perfoming some kind of activities, pooja for hours at length or performing severe austerities like fasting is dharm. Wherever we are born, we follow the traditional dharm of our ancestors and parents. Here Param Krupaludev says, the path to liberation is within us. But one does not know what true liberation is and has merely heard words that liberation is freedom from birth or that it is becoming God. Even very intelligent persons do not know what is the true meaning of liberation. Liberation or Moksh is a particular state of soul. If a soul attains such a state, he is bereft of all karmas and there is not a single karma which can result in a new birth anymore. Such a soul is purest of pure and so light that it travels upwards and resides permanently in Siddhalaya, the abode of all free souls. This is Godlike state. Param Krupaludev says the path of liberation is not outside but within the soul and we all know that soul is within our bodies. That soul exists, it is eternal, is the doer of karmas and an enjoyer of its fruits. How can it be rid of karmas? Without understanding what is the process of shedding karmas, visiting temples etc. is not dharm. We have always prayed to God for materialistic and worldly things such as wealth, good relationships etc. To know the soul is the path of dharm. The soul lies within the body and cannot be found by doing anything outside. All our desires, wishes and attractions for the world and its things have to be slowly reduced and we should

Best Wishes : Lalita Samdariya, Banglore

try to go within. The outer physical religious activities are the initial steps and are not useless. The feelings of attraction have to be slowly reduced which will lead to the mind becoming calm and able to think deeply. Contemplation requires sadhna to be performed in silence which can't happen when you are outside. But one doesn't know how to do sadhna in silence and so we should be in the company of those who attend Satsang, which is one of the tools for going within oneself.

**The One who is Self Realized and Experienced will be able to show how the attractions and desires can be reduced and eliminated.**

Param Krupaludev further says, **"One who has trodden the path will be able to show it".**

The One who is self realized and experienced will be able to show how the attractions and desires can be reduced and eliminated. We all have since many births tried our best to do this but have failed to achieve equipoise. The One who has traversed the path will know the tricks and secret to control them and when a jeev comes in contact with such a One, his attractions and desires will start diminishing which many of you would have experienced. As stated earlier, being in Satsang leads to recognizing a Self Realized One which in turn leads to progress on the path.

**5. The path is hidden within just 2 letters and in spite of doing so much since ages, why it is not yet found should be thought of.**

Here Param Krupaludev says that the Path is contained in just 2 letters, not even 2 words. In spite of this, every jeev strongly wishes that I must achieve something in the name of dharm and indulges in all sorts of activities but has not found the Path. What are those 2 letters is not known to a jeev in previous births. Those 2 letters are "Aagnya" (aa+gnya) of a Self Realized One. Whatever He says if followed without doubt will reveal the Path. But a jeev has his own imagination for self realization and even if he attains self realization, he does not believe it to be true and turns back as he makes his own judgment about it. What actually is self realization is not known to him. Whoever does not know what self realization is, feel that it is a very difficult thing to achieve and being self realized means one has become God. Such is the belief of even very intelligent persons or even those who have made a deep scriptural study. When self realization occurs, a jeev sees his soul as impure one, covered by layers of karmas and that just as a dirty diamond can be cleaned, similarly getting rid of karmas will make the soul shine in its glory. He understands from within that all negativities, attractions etc. can be got rid of.

In this way, the Path is hidden in 2 letters and following the commands of a self realized One without doubt will lead to self realization and liberation. A Gyani's smallest vachan has the power to arrest this transmigratory cycle and liberate a jeev provided he reflects deeply upon His vachans.

**Aum Shanti: Shanti: Shanti:**

***(Concluded)***

---

**Note:** This edited version of Param Pujya Premacharyji's discourse is done by the Editorial Team of Ananya Parivartan

# School Annual Day Celebration

Shree Kakubhai J Tanna Balwadi and High School, managed by SHREE RAJ EDUCATIONAL CENTRE, celebrated its Annual Day on Sunday, December 24, 2017 at the Shrimad Rajchandra Aatma Tatva Research Centre, Parli.

In continuation of the School's policy of encouraging girl students by extending special privilege for them, “SAVE THE GIRL CHILD” was the main theme of the Event. The large Mandap was packed to the capacity and over flowing with over a thousand parents, Senior Officials from the Government and mumukshus.

The program promptly started upon the arrival of Pujyashree and Pujya Nileshbhai.

The various items were very enthusiastically presented by a total of almost 300 students, of age group 3 and above. The two Masters of Ceremony, were only 11 year old and conducted the 90 minutes Event with flair that would easily put adults to shame! A mime act depicting the main theme conveyed the message beautifully. The oh-so-cute 3 year olds presenting “Barfi" movie song “Itti si khushi ……..” had the crowd on their feet and joining in by singing along and clapping and those not doing so, were busy recording the sequence on their phones !

After initiation of the Awards Ceremony for Academics and - academic excellence by Pujyashreeji by giving Certificates to a few students, Trustees, Shri Dilipbhai Doshi and





Shri Nitinbhai Shah gave Certificates to the rest. Three of our teachers, having been with the School since inception, were also felicitated by Pujyashreeji. Efforts put in by Ms Khyati Shah, wonderfully supported and guided by Ms Mili Mody and Ms Kavita Gandhi, manifested in the performances. The crisp flow of the Event made it all the more endearing to the audience. It was apt that Ms Khyati was blessed by Pujyashreeji and felicitated.

Principal Dr J K Joshi thanked all the Sponsors, teachers and all those behind the scene. He also mentioned about the exciting Cambridge project that the School has embarked upon and felt that the World class education in combination with our background should be absolutely unique and "God" sent not only for the people of the vicinity but also for all those who are close, but not physically so !

Pujyashree Nileshbhai pointed to the teachers doing praiseworthy work by being greatly influenced by the Principal, who in turn was completely inspired by the guidance and energy flow of a Secret Superstar . . our Dear Pujyashreeji ! Pujya Nileshbhai felt that the excellent work being carried out at the School could be extended to the entire surrounding area, provided the residents and the various Government Agencies joined hands with us towards that end.

Seems, the School is hell bent on raising the bar, every year! ◆







**Q શારીરિક અશક્તિ હોય અને વાંચન ન કરી શકાતું હોય તો આત્મસિદ્ધિ માટે શું કરવું ?**

**ઉત્તર :** આપ સાંભળી શકતા હો તો સી.ડી. સાંભળો. પહેલા આત્મસિદ્ધિની જે ૧૪૨ ગાથા છે એ એક વાર, બે વાર કે વધારે વાર ખાલી સાંભળો. પછી પહેલા બે કે ત્રણ પદ લઈને આખો દિવસ મનમાં બોલ્યા કરવાનું. આઠેક દિવસ બોલશો એટલે યાદ રહી જશે. શરૂઆતમાં એક સ્લીપ કે કાગળમાં લખી જ્યારે ટાઈમ મળે ત્યારે બબ્બે-ત્રણ ત્રણ પદ પાકા કરવાના. બહુ પાકા થઈ જશે પછી તમને એમાંથી જુદી જાતના અર્થ સમજાશે. એ સમજાય ત્યારે એ અર્થ કોઈ બુકમાં લખી લેવાના. તમે લખી ન શકો તો તમે બોલો અને બીજું કોઈ લખી લે તો પણ ચાલે. એવી રીતે પહેલી જનરલ ૨૩ ગાથાઓની પ્રેક્ટીસ કરો. એ પૂરી થઈ જાય પછી સી.ડી. સાંભળી તમે જે લખેલું છે એની સાથે સરખામણી કરવાની.

**Q જેવી રીતે આનંદ એ આત્માનો ગુણ છે એવી જ રીતે જોવુ, જાણવું અને ગ્રહણ કરવું એ પણ આત્માનો જ ગુણ કહેવાય? એ પણ અવિનાશી જ હોય તો જ્યારે આપણે નાના હોઈએ ત્યારે કોઈ વસ્તુને સમજતાં હોઈએ એ જ વસ્તુની સમજણ જ્યારે મોટા થઈને સમજીએ ત્યારે એમાં ઘણો ફરક હોય છે એ કઈ રીતે ? એને અર્થક્રિયા કહી શકાય ?**

**ઉત્તર :** ના, એને અર્થક્રિયા ન કહેવાય. નાના હોઈએ અને સ્કુલમાં હોઈએ પછી મોટા થતાં બીજા ઘણા લોકોના પરિચયમાં આવતાં જઈએ છીએ અને જેમ જેમ સમજણ પડતી જાય એમ એમાં ઉઘાડ થતો જાય. પછી અભ્યાસ કરતાં કરતાં જેટલું વધારે શીખતાં

જાવ એટલો જ્ઞાનનો વિકાસ થાય; જ્ઞાન કહેતાં અજ્ઞાનનો વિકાસ થાય. જ્ઞાન તો આત્મજ્ઞાન થયા પછી જ સાચું જ્ઞાન હોઈ શકે. પણ સંસારમાં જ્ઞાનાવરણ કર્મ ઓછા થતાં જાય એ પ્રમાણે બધું સમજાતું જાય. પણ જાણવાની ક્રિયામાં ફરક નથી પડતો. સમજાતું ન હોય તો પણ જાણવાની ક્રિયા એક સરખી જ ચાલે છે, જે રીતે આપણું જ્ઞાન છે એ રીતે. આત્મજ્ઞાન થઈ ગયા પછી પણ ઘાતિ અને અઘાતિ એવા ઘણા કર્મો બાકી રહે છે. પણ જ્યારે બધા જ કર્મોનો નાશ થાય, નિર્જરા થાય અને આત્મા ઉપર એક પણ કર્મવર્ગણા ચોંટેલી ન હોય તો આખા બ્રહ્માંડને જોઈ શકીએ છીએ. એટલે જેટલું ઓછું જણાતું હોય તો એમાં જ્ઞાનનો વાંક નથી, અજ્ઞાનનો વાંક છે.

**Q આપે કહ્યું કે સતધર્મ કરવાથી પૂણ્યાનુબંધી પૂણ્ય બંધાય છે તો એ સતધર્મ શું અને કેમ કરાય?**

**ઉત્તર :** આત્મધર્મ એ સતધર્મ. કોઈપણ પદાર્થનો મૂળભૂત સ્વભાવ એ, એ પદાર્થનો ધર્મ કહેવાય. ચેતન માટે સ્વભાવ શબ્દ વપરાય અને જડ માટે ગુણ શબ્દ વપરાય. મરચાનું ઉદાહરણ લઈએ અને જ્યારે કહીએ કે આ મરચું ખૂબ જ તીખું છે તો એ એના સ્વભાવમાં છે એટલે કે એનો ઓરિજીનલ ગુણ એનામાં છે. એવી રીતે કોઈપણ પદાર્થનો મૂળભૂત ગુણ એ એનો ધર્મ થયો. હવે જો તું આત્મા હોય તો તારો ધર્મ આત્મધર્મ કહેવાય. સત્સંગમાં આવશો અને પુરુષાર્થ કરશો એટલે સમજાશે. પણ એટલું તો ચોક્કસ સમજાય છે ને કે આત્માનો મૂળભૂત ગુણ જોવું અને જાણવું છે, એને બરાબર સમજશો એટલે ધર્મ થઈ ગયો. તો જોવું અને જાણવું જો તમે કરી શકતા હોત તો તમને મોક્ષ મળી ગયો હોત. પણ તમે જ્યાં જુઓ છો ત્યાં આ સારું છે, આ ખરાબ છે, આ ગમે છે, આ નથી ગમતું, આ હોય તો સારું, આ ન હોય તો સારું એવા વિચાર ચોક્કસ આવે જ છે. જમતી વખતે પણ આ ભાવે છે, આ નથી ભાવતું, આમાં મીઠું ઓછું છે, મરચુ વધારે છે વિગેરે વિગેરે વિચારો આવે છે. પદાર્થને જોતાં જ દુનિયાભરના વિચારો આવે છે. જેને શુદ્ધ જોવું - જાણવું કહીએ છીએ એને જોવા-જાણવા સિવાય બીજા કોઈ ભાવ જ ન હોય. એ જ આત્મધર્મ છે. આજથી જ એની પ્રેક્ટીસ કરો. સત્સંગ વિગેરે કરવાથી આત્માની આંશિક ઓળખાણ થશે તો બળવાનપણે પુરુષાર્થ થઈ શકશે. ◆



# શ્રી કૃષ્ણની ઐશ્વર્યશક્તિનો પરાજય

બીજા દિવસના સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો સમય ક્યાં પસાર થઈ ગયો એની દ્વારિકાના રાજમહેલમાં વસતાં શ્યામસુંદરનાં સ્વજનોને ખબર પણ પડી નહીં. હજી તો રુક્‌મિણીજી સવારે જાગૃત થઈને સ્વામીનાથ અને નારદજી શય્યા ત્યાગ કરી નીચે પધારે એ પહેલાં તો, નાહીધોઈને પરવારી જવા 'રુક્‌મિણીભવન'માં પગ મુકે છે ત્યાં તો, સાસુ શ્રી દેવકીમાનો સંદેશો લઈને આવેલી સેવિકાએ જણાવ્યું, ''માતુશ્રીની એવી ઈચ્છા છે કે આજે દેવર્ષિ નારદ સહ દેવકીનંદન બપોરનું ભોજન એમને ત્યાં લે અને સાથે આઠેય પુત્રવધુઓ પણ એમના પુત્ર પરિવાર સહ ભોજન માટે બાના મહેલે પધારે. માતેશ્વરી રોહિણીમા, સુભદ્રાજી અને દાઉજી પણ આજના ભોજન સમારંભમાં સામેલ થનાર છે; અને સુભદ્રાજીએ ખાસ આપના માટે સંદેશ મોકલ્યો છે કે મહારાજ દરબારમાં જવા રવાના થાય કે તરત જ આપ, જેમ બને તેમ જલદી 'દેવકીભવન' પર પધારશો... આપ સૌ સાથે તેઓ કેટલીક જરૂરી વાતચીત કરવા માગે છે.''

રુક્‌મિણીજીના આનંદનો તો પાર રહ્યો નહીં. આજે કેટલા લાંબા સમય પછી દ્વારિકાના રાજમહેલમાં સહકુટુંબ ભોજન-સમારંભ યોજાઈ રહ્યો છે! છેલ્લે, પોતાના પૌત્ર અનિરુદ્ધનાં ઓખા સાથે લગ્ન થયાં એની ખુશાલીમાં સૌએ સમૂહભોજનનો આનંદ માણેલો! ત્યાર પછી તો એવી એવી દુ:ખદ ઘટનાઓ યાદવવંશમાં અને રાજકુળમાં બનતી ગઈ કે સૌની નિંદ હરામ થઈ ગઈ! આજે મહિનાઓ પછી શાંતિનો સુરજ દ્વારિકાના રાજમહેલ પર ઊગ્યો હોય એવી અનુભૂતિ થઈ રહી હોવાથી પ્રફુલ્લિત થઈ ગયેલાં પટરાણીએ પોતાની સેવીકાઓ જોડે સત્યભામા, જામ્બવતી, કાલિન્દી, મિત્રવિન્દા, સત્યા, ભદ્રા અને લક્ષ્મણાને સાસુશ્રીનું ભોજન-આમંત્રણ પાઠવી દીધું અને તૈયાર થઈને થોડીજ



વારમાં પોતાના મહેલે આવી જવા સૌને કહેવરાવી પણ દીધું.

દુગ્ધપાન અને ફળાહારને ન્યાય આપીને દ્વારિકાધીશે, એકબાજુ દાઉજીને 'કૃષ્ણભવન' પર તેડી લાવવા સેવકને દોડાવ્યો તો બીજી બાજુ, કુલગુરુને તથા રાજપુરોહિતને સન્માનભેર રાજમહેલમાં લઈ આવવા દારૂકને રથ લઈને રવાના કર્યો. પૂજાપાઠથી પરવારીને દેવર્ષિ નારદજી પણ પ્રભુ સમક્ષ હાજર થઈ ગયા. દાઉજી, રાજપુરોહિત અને કુલગુરુ આવી જતાં શ્યામસુંદરે સૌની સમક્ષ તાતશ્રી વસુદેવજીની 'નવગ્રહ શાંતિયજ્ઞ' કરવાની ઈચ્છા જાહેર કરી, સાથે ઉમેર્યું, ''યોગાનુયોગ દેવર્ષિ નારદજી દ્વારિકામાં પધાર્યા છે ત્યારે આ શાંતિયજ્ઞ એમની અધ્યક્ષતામાં થાય એવી તાતશ્રીની મહેચ્છા છે; જેનો દેવર્ષિ નારદજી સ્વીકાર કરે એવી હું સમસ્ત યાદવકુળ વતી વિનંતી કરું છું. આપ સૌ પણ મારી આ દરખાસ્તને અનુમોદન આપશો એવી હું આશા કરું છું.''

દ્વારિકાધીશે જ્યાં આટલું કહ્યું ત્યાં તો અત્યંત પ્રસન્ન થયેલા કુલગુરુ અને રાજપુરોહિતજીએ એને પોતાનું સદ્‌ભાગ્ય, ગણી ઊભા થઈ તે બન્ને અને દેવર્ષિ નારદજીનો ચરણસ્પર્શ કર્યો.

વિનમ્ર અને સૌજન્યશીલ નારદજીએ પ્રભુને પ્રણામ કરતાં કહ્યું, ''હું તો આને મારું અહોભાગ્ય સમજું છું કે ભગવાન દ્વારિકાધીશની નિશ્રામાં, દ્વારિકાપુરીના રાજમહેલના પ્રાંગણે ઊજવાતા આ શાંતિયજ્ઞમાં ભાગ લેવાની અને એ નિમિત્તે પ્રભુની સેવા કરવાની અણમોલ તક મને પ્રાપ્ત થશે.''

નારદજીએ કહ્યું: ''પ્રભુએ મને ગઈકાલ રાત્રે જ આ વાત કહેલી અને તેથી મેં ચોક્કસ ગણતરી કરીને અને બધી રાશિ તથા ગ્રહોનાં સ્થાન-ગતિ જોઈને યોગ્ય મુહૂર્ત આજે સવારે જ જોઈ રાખ્યું છે. પવિત્રમાં પવિત્ર માર્ગશીર્ષ માસ શરૂ થવા આડે હજી પાંચ દિવસનો સમય બાકી છે. આપ સૌ જો આ પાંચ દિવસમાં રાતદિવસ એક કરીને આ યજ્ઞને લગતી તમામ તૈયારી કરી શકો તો નવ દિવસ સુધી ચાલનારા આ 'નવગ્રહ શાંતિયજ્ઞ'નો મંગલ પ્રારંભ માર્ગશીર્ષ માસના શુક્લપક્ષની પ્રતિપદાના રોજ કરી શકાય અને નોમના દિવસે એની પૂર્ણાહુતિ પણ થઈ શકે. એની સાથે પોષીપુનમે કુંભમેળામાં યમુનાસ્નાન પણ કરશું. એટલે જો આપ સૌને માન્ય હોય તો આપે આ બન્ને મુહૂર્ત સચવાઈ રહે તે રીતે ખૂબ ઝડપી વ્યવસ્થા કરવાની કામગીરી ગોઠવવી પડશે.''

રાજપુરોહિત અને કુલગુરુ બન્નેએ સહર્ષ આ બન્ને શુભ મુહૂર્ત વધાવી લીધાં. માત્ર પાંચ જ દિવસમાં યજ્ઞની પૂર્વતૈયારી જો કરવાની હોય તો 'યુદ્ધના ધોરણે' કામ કરવા કરાવવાની કલ્પનાથી દાઉજી પુલકિત થઈ ગયા.

થોડીવાર પછી રાજમહેલના બે સુવર્ણરથ આ પાંચેય મહાનુભાવોને લઈને રાજસભાગૃહ ભણી જવા ઊપડી ગયા. લગભગ મધ્યાહ્ન સમયે શ્રીકૃષ્ણ અને બલરામ, દેવર્ષિ નારદજીને લઈને માતુશ્રીના મહેલે ભોજનાર્થે પધાર્યા.

પ્રેમવત્સલ દેવકીમા અને રોહિણીમા સૌને ભોજનગૃહ તરફ દોરી ગયા અને જમતાં જમતાં દાઉજીએ કહ્યું, ''માગસર સુદ એકમથી નોમ સુધીના નવ દિવસો સુધી યોજાનાર આ 'નવગ્રહ શાંતિયજ્ઞ'માં દરરોજ ક્રમશઃ એક પછી એક ગ્રહદેવની શાંતિ માટેનો સ્તોત્રપાઠ થશે; આમંત્રિત ઋષિગણમાંથી દેવર્ષિ નારદજી નક્કી કરે તે ઋષિવર, જે તે દિવસના મુખ્ય સ્ત્રોતા બનશે. આ સમગ્ર યજ્ઞકાર્યના મુખ્ય અધિષ્ઠાતા તો પૂજ્ય નારદમુનિ જ છે; પરંતુ તમામ ઋત્વિજો અને પુરોહિતોનું નેતૃત્વ કુલગુરુ પોતે સંભાળશે અને રાજપુરોહિતજી યજનયાજનની તમામ વિધિના કર્તા હર્તા રહેશે.'' સમગ્ર યાદવ સામ્રાજ્યના ચારેય સીમાડે અને રૈવતક પર્વતની એક એક ગુહા કોતર કંદરામાં નિવાસ કરતાં ઋષિમુનિઓને તેમની સ્વેચ્છાએ, પૂર્ણ માન-આદર સહિત રથમાં અત્રે તેડી લાવવા માટે એક ખાસ 'રથદળ'ની આખી જ વ્યવસ્થા દાઉજી પોતે સંભાળશે. દ્વારિકાના અને આસપાસના તમામ ગ્રામનગરોના બ્રાહ્મણોને આ નવ દિવસના યજ્ઞમાં પધારવાનું અને બ્રહ્મભોજન કરવાનું આમંત્રણ અપાશે. રાજમહાલયની કઈ ભૂમિ પર યજ્ઞશાળા ઊભી કરવી અને યજ્ઞવિધિ નિરાંતે નીરખી શકાય એવી બેઠક વ્યવસ્થા સાથેનો વિશાળ શામિયાણો કરવાનું માર્ગદર્શન રાજ્યના સ્થપતિઓને શ્રીકૃષ્ણ જાતે આપવાના છે. જ્યારે નવ દિવસ સુધી હજારો આમંત્રિતો માટેની સમગ્ર ભોજન વ્યવસ્થાનો ભાર ઉદ્ધવજી અને જમાઈરાજ અર્જુનજીને સોંપવાનો વિચાર કર્યો છે. સમસ્ત યાદવકુળને સહકુટુંબ પુત્રપરિવાર સહિત દ્વારિકા પધારવાનાં આમંત્રણો તૈયાર કરી એમના સૌના નિવાસની પણ સંપૂર્ણ વ્યવસ્થા કરવાની જવાબદારી યોગ્ય અધિકારી સામંતને સોંપાઈ ગઈ છે. શ્યામસુંદરનાં, મારા, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ વગેરેના સાસરીપક્ષનાં સગાંઓને અત્રે તેડી લાવવા માટે ઝડપી ઘોડેસવાર અને સાંઢણીસવાર આવતીકાલે વહેલી સવારે ઊપડી જાય એવી વ્યવસ્થા પણ થઈ ગઈ છે.

દાઉજી દ્વારા આ બધી વિગતપૂર્ણ માહિતી પ્રાપ્ત થતાં શ્યામસુંદરનો

સમસ્ત પરિવાર હર્ષોત્સાહથી આનંદિત થઈ ઊઠ્યો. સવિશેષ ખુશી તો તાતશ્રી વસુદેવજીને થઈ, કેમકે કુરુક્ષેત્રના ભીષણ સંહારની આગમાં પુત્રી સુભદ્રાનો સુખી સંસાર જે રીતે નષ્ટભ્રષ્ટ થઈ ગયો તે અને સતી ગાંધારીએ શ્રીકૃષ્ણને આપેલ શાપની વાત સાંભળ્યા પછી વાસુદેવ ભીતરથી સાવ ભાંગી પડ્યા હતા. પોતે મહાજ્ઞાની અને તત્વવેત્તા હતા તેથી કાળની ગતિ અને ભાગ્ય નિર્માણને હસતે મુખે વધાવી લેવા જેટલી પરિપક્વતા ભલે તેમનામાં હતી, છતાં માનવ સ્વભાવવશ જે મોહ મમતા અને પારિવારિક સ્નેહબંધનથી પોતે બંધાયેલા હતા તેમના ક્ષેમકુશળની તેમને સદૈવ ચિંતા રહે એ સ્વાભાવિક હતું. તેથી પોતાની બન્ને પત્નીઓ - દેવકી અને રોહિણી સમક્ષ તેઓ અવારનવાર શાંતિ યજ્ઞ કરાવવાની ઈચ્છા પ્રદર્શિત કર્યા કરતાં હતા. દૈવયોગે આ સ્વપ્ન સાકાર થવાની સંપૂર્ણ યોજના ઘડાઈ ગઈ છે તે જાણ્યા પછી તાતશ્રી અને બન્ને માતુશ્રીએ રામ અને શ્યામને અંતરના આશીર્વાદ પાઠવ્યા.

ભોજન બાદ પારિવારિક સ્નેહમિલન દરમ્યાન દાઉજીએ અને કૃષ્ણે સૌને આનંદ થાય એવી કેટલીક વાતો કહી અને વચ્ચે વચ્ચે દેવર્ષિ નારદજીએ પણ પ્રભુના પરિવાર સાથે ઓતપ્રોત થઈ જવા, પોતાનું દેવાંશીપણું થોડીવાર બાજુએ મુકીને એવી એવી જ્ઞાનગમ્મત કરાવી કે સૌ કોઈ એ સાત્વિક આનંદ સાગરમાં એક બે કલાક સુધી મનભર મહાલ્યાં.

આમ, જ્યારે ભગવાન સૂર્યનારાયણે પોતાનાં આખરી કિરણો વડે દ્વારિકાની ગગનચુંબી ઈમારતોનો પારસસ્પર્શ કરીને, ભગવાનની આ નગરીને ભાવભીનાં વંદન કરી આરબ સાગરમાં ડુબકી મારી ત્યારે, ધીરે ધીરે સૌએ પોતાપોતાના આવાસે જવાની શ્યામસુંદર પાસે અનુજ્ઞા માગી. દાઉજી સહિત સૌના વિદાય થયા પછી ભગવાન શ્રીકૃષ્ણે પૂર્ણ સંતોષ અને આનંદથી પોતાના પ્રિય ભક્ત નારદજીના ખભા પર હાથ મૂક્યો અને ભક્ત સાથે ભગવાન દ્વારિકાધીશ સીધા 'રુક્મિણીભવન' પર પધાર્યા ત્યારે ત્યાં સાયં ભોજનની વ્યવસ્થા કરાવીને પટરાણી રુક્મિણી એમની રાહ જોતાં દરવાજામાં જ ઊભાં હતાં.

સાયં ભોજનના અલ્પાહારને ન્યાય આપીને પ્રભુ, નારદજી સાથે હળવો વાર્તાવિનોદ કરી રહ્યા હતા ત્યારે પ્રભુના સ્વાસ્થ્યની સદૈવ ચિંતા રાખતાં રાણી રુક્મિણીએ હળવેથી કહ્યું, ''આજ તો સવારથી આપે સહેજ પણ આરામ લીધો નથી. આપના શયનકક્ષમાં રાત્રિવિશ્રામની પૂર્ણ તૈયારી મેં કરાવી રાખી છે. આપ સૂતાં સૂતા દેવર્ષિ સાથે વાતો કરવી હોય તો કરી શકશો અને જો વહેલું શયન કરી જવું હોય તો તેમ પણ કરી શકશો. સવારે પાછું વહેલું ઊઠવાનું પણ છે.''

અંતર્યામીએ હસીને નારદજી સામે જોયું અને પછી પટરાણીના મનનો ભાવ સમજી ગયેલા યાદવેન્દ્ર સસ્મિત બોલ્યા,

''કેમ, તમે આજે ત્યાં નથી આવવાનાં દેવી!.. થાક લાગે કે ન લાગે પણ નારદજી જેવા મુનિવર આપણે આંગણે પધાર્યા હોય અને સત્સંગનો લાભ ન લઈએ તો આ મનુષ્ય અવતાર એળે ગુમાવ્યો ગણાય! ચાલો, થોડીવાર સત્સંગ માણીશું. આમેય તે વહેલી ઊંઘ તો મને કે તમને ક્યાં કોઈ દિવસ આવે છે? તમે અહીંની વ્યવસ્થા કરીને શાંતિથી આવી પહોંચો. હું ને નારદજી જઈએ છીએ. ચાલો મુનિવર!...' કહીને પ્રભુ ઊઠ્યા. નારદજી તેમને અનુસર્યા અને મનમાં અત્યંત ખુશી અનુભવતાં પટરાણી, ગઈ કાલ રાતની અધૂરી રહેલી પ્રસંગકથા આજે સ્વામીના શ્રીમુખે જો આગળ સાંભળવા મળે તો કેવું સારું! એવી કલ્પનામાં રાચતાં, ઝટપટ પરવારીને 'કૃષ્ણભવન'ના શયનકક્ષમાં પહોંચી ગયા. ◆

**ક્રમશઃ**

**નોંધ :** શ્રી ભોગીલાલ શાહ લિખીત પુસ્તક ''શ્રી રાધાવતાર'' માંથી આ પ્રકરણ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

સૌજન્ય : આન્યા મહેતા, દુબઈ

# बुद्धि का करिश्मा

दो व्यक्ति थे। एक पर लक्ष्मी की कृपा थी तो दूसरे पर माँ सरस्वती की। एक बार उनमें अकारण ही विवाद छिड़ गया। एक धन को बड़ा बताता तो दुसरा बुद्धि को। दोनों की बहस यहाँ तक बढ़ गई कि वे लड़ते-झगड़ते बादशाह के सम्मुख पहुँचे और दोनोंने अपनी - अपनी बात सुनाकर न्याय चाहा। बादशाह ने जब दोनों की बातें सुनी तो उनका दिमाग चकराने लगा क्योंकि जिसकी बात सुनते थे उन्हें उसी की बात सच लगती थी। बादशाह ने अपने गले से यह इल्लत लगाना उचित न समझकर उन दोनों को रोम के बादशाह के पास भेज दिया। दोनों वहाँ पहुंचे और रोम के बादशाह को पत्र दिखाया। बादशाह ने पत्र में लिखे अनुसार दोनों को फांसी की सजा सुना दी।

दोनों बड़े परेशान थे। बुद्धिमान ने धनवान को कहा - तुम कहते थे धन बड़ा है अतः अब धन का उपयोग कर के अपने प्राणों की रक्षा का प्रयत्न करो! धनवान ने खूब कोशिश की किन्तु किसी भी तरह से सफलता नहीं मिली। तब हार कर उसने कहा, ''भाई। मैं कुछ नहीं कर सकता अतः मौत की अंतिम घडी में यह स्वीकार करता हूँ कि धन से प्राणों को नहीं बचाया जा सकता।'' अब तुम अपनी करामात दिखाओ। बुद्धिमान व्यक्तिने कहा, ''भाई। इसमें जय - पराजय जैसी कोई बात नहीं है। मुख्य बात है अपने प्राणों की रक्षा। अपने बचाव के लिए हमें ऐसा करना है, जब फांसी पर चढ़ने का समय आ जाए तब हमें एक - दूसरे को आगे ढकेलना है। बस, आगे जो भी करना होगा मैं स्वयं कर लूंगा।''

सैंकड़ों व्यक्तियों का जमघट था। दोनों को पेश किया गया और जब फांसी का समय आया तो दोनों में धक्का - पेल शुरू हो गई। एक कह रहा था ''मैं पहले मरूंगा, तो दूसरा कहता था नहीं -नहीं मैं पहले मरूंगा ।'' यह नजारा देखकर लोग दांतो तले अंगुली दबा रहे थे। इस तरह मरने की प्राथमिकता का राज क्या है? आज तक मृत्यु की ऐसी स्पर्धा किसी ने नहीं देखी थी। उन दोनों की मरने की उतावली देखते ही बनती थी।

सारी बात जब बादशाह तक पहुंची तो वह भी हैरान हुआ। दोनो को बुलाकार इस धक्का - पेल का कारण जानना चाहा। तब वह बुद्धिमान व्यक्ति बोला, ''हुजूर। इसका अर्थ ऐसे - वैसै समझ में आ जाये इतना सरल नहीं है। यह हमारे अक्लमंद बादशाह की''.. इतना कहकर वह रुक गया।

बादशाह के अत्याधिक आग्रह पर वह बोला, ''हमारे यहां के बादशाह को वहां के ज्योतिषियों ने बताया कि मैं जहां मरूंगा वहां बारह वर्ष का अकाल पड़ेगा। और ये जहां मरेगा वहां भयंकर रोग फैलेगा। अतः मैं सोचता हूँ कि यदि मैं पहले मर जाऊं तो रोग से बच जाऊं। और यह सोचता है कि मैं व्यर्थ की भूखमरी से बच जाऊं। बस, ये ही फर्क है।''

इतना सुनते ही बादशाह सन्न रह गया। भृकुटी चढ़ाकर बोला, ''तो अच्छा, यह बात है?'' तब बुद्धिमान व्यक्ति ने कहा, ''सम्राट! आप स्वयं अक्लमंद है। इतना तो आप भी सोच सकते है कि हमें मरवाने के लिए उन्हें यहां भेजने की क्या जरूरत थी? क्या वहाँ शूली नहीं थी? बस, इस दुःसंभावना से बचने के लिए ही तो यह सब कुछ किया गया। अब देर न कीजिए हूज़ूर। शीघ्र मरवा दीजिए हमें।''

रोम के बादशाह ने उस बादशाह पर खोफ खाते हुए उन दोनों को वापस लौटा दिया। साथ में एक कठोर पत्र भी बादशाह को देने के लिए कहा। जब दोनों सकुशल वहाँ पहुंचे और अपने बादशाह को विस्तृत घटना क्रम बताया तो सभी ने इस बात का सहर्ष स्वीकार किया, विद्वान सर्वत्र पूज्यते तथा धन से बुद्धि बड़ी है। ◆

# श्री वज्रस्वामी

सुनंदा दो जीवा हुई है - ऐसा ज्ञात होते ही पूर्वानुसार हुई शर्त के अनुसार उसका पति प्रभु वीर के पथ पर दीक्षा लेने चल पड़ा। सुनंदा की कोख से व्रजस्वामीने जन्म लिया। जन्म के साथ ही वृद्धाओं के मुख से वज्रस्वामीने सुना, ''इस बालक के पिता ने दीक्षा न ली होती तो इस बालक का जन्ममहोत्सव धामधूम से सम्पन्न होता।''

इन शब्दों को सुनकर ही तुरंत जन्मे बालक को जातिस्मरण ज्ञान हुआ और दीक्षा लेकर कल्याण करने की भावना जाग्रत हुई।

उन्हें लगा कि माता मुझ जैसे बालक को दीक्षा नही लेने देगी। माता को उकताने के लिए उन्होंने रोना शुरु कर दिया। एक-दो दिन नहीं, एक दो महिने नहीं लेकिन लगातार छः मास तक रोते रहे। कित कितने ही उच्च संस्कार इस बालक की आत्मा में भरे होंगे इसलिए ही वे दीक्षा लेने की भावना से रोये होंगे।

सतत रुदन से माँ उकता गई। उसने साधू बने अपने पति जिस उपाश्रय में जाकर ठहरे थे उस उपाश्रय जाकर, ''लो यह तुम्हारा बेटा। मैं तो थक गई। चुप ही नहीं रहता है, संभालो तुम।'' ऐसा कहकर छः माह के छोटे बालक वज्रकुमार को अर्पण कर दिया।

श्राविका बहिने उसकी देखभाल करती है। साध्वीजियों के पास वे पलने में झूल रहे हैं। साध्वीजी जो विद्याभ्यास पढ़ती थी वह सुनते सुनते वे ग्यारह अंग सीख गये।

सुनंदा अब सोचती है, ''ऐसे चतुर बालक को मैंने अर्पण कर दिया, यह ठीक न किया।'' ऐसा सोचकर माता बालक को वापिस लेने जाती है। गुरु महाराज और संघ ने उसे लौटाने की ना कही सो माता ने राजा के पास जाकर फरियाद की। राजा ने न्याय तोला : ''जिसके पास जाय उसीका यह बालक।''

माता ने खिलौने, मीठाईयाँ वगैरह अनेक वस्तुएँ बालक को लुभाने के लिए रखीं लेकिन साधू महार-ाज ने ओघा व मुहपति रखें। राजा बीच में खड़े है। संघ देख रहा है, माता मानती है कि अभी बालक मेरे पास आयेगा और मुझे मिल जायेगा।

बालक तो वैरागी था, इसलिए खिलौने या मिठाइयों से बहकनेवाला न था। वह तो शीघ्र ही ओघा और मुहपत्ति लेकर नाचने लगा और जैनशासन की जयजयकार हुई।

यह वज्रस्वामी नामक बालक ने ८ वर्ष की उम्र में दीक्षा ली। देवों द्वारा ली गई परीक्षा में दो बार उतीर्ण हुए। देवी ने प्रसन्न होकर वैक्रिय लब्धि और आकाश में उडने की विद्या दी। उन्होंने बौद्ध राजा को उपदेश देकर जैनधर्मी बनाया। एक बार सुवर्णमुद्राएँ लेकर कोई स्त्री वज्रस्वामी के साथ ब्याह करने की मनोकामना से आई। उसे बोध देकर बिदा दी। अकाल के समय उन्होंने अपने संघ का रक्षण किया।

स्वयं भद्रगुप्त आचार्य से दशपूर्व का अभ्यास किया था। उन्होंने आर्यरक्षित सूरि महाराज को साढ़े नौ पूर्व का अभ्यास कराया। अंत में वज्रसेन नामक बड़े शिष्य को पाट पर स्थापित करके अनेक साधुओं के साथ स्थावर्तगिरि पर जाकर तप प्रारंभ किया। तप के प्रभाव से इन्द्र महाराजा वंदनार्थ पधारें। उन्होंने जैन शासन की विजय पताकाएँ लहरायी और शासन की उन्नति के अनेक कार्य कर स्वर्ग पधारें। ◆

**सौजन्यः जिन शासन के चमकते हीरे**

# શ્રદ્ધાનો સથવારો

સંસ્થાના કોલકાતા સેન્ટર દ્વારા તા. ૯ અને ૧૦ ડિસેમ્બર ૨૦૧૭ના વિવિધ પ્રકારના પરમાર્થિક અનુષ્ઠાનોનું સફળ આયોજન સંસ્થાના સંસ્થાપક, પરમ કૃપાળુ દેવના પરમ ભક્ત તેમજ આત્મવિજ્ઞાની એવા પરમ પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી (પ.પૂ. પપ્પાજી) તથા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી તેમજ મુમુક્ષુઓના પરમાર્થ સખા એવા પૂજ્ય નિલેશભાઈની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના જુદા જુદા સેન્ટર્સમાંથી ઘણા મુમુક્ષુઓએ હાજરી નોંધાવી હતી.

''શ્રદ્ધાનો સથવારો'' કાર્યક્રમને અંતર્ગત શનિવાર તા. ૯-૧૨-૨૦૧૭ના ભવાનીપુરમાં એસ.વી. સોશ્યલ ફાઉન્ડેશન હોલ મધ્યે ''શ્રી સ્થાપના મહોત્સવ''નું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્યશ્રી પ્રેમાચાર્યજીના માર્ગદર્શન હેઠળ કોલકાતા મધ્યે વીતરાગ પ્રભુના પવિત્ર માર્ગની આરાધના, સત્સંગ અને ભક્તિના માધ્યમે કરી રહેલા મુમુક્ષુઓમાંથી આઠ મુમુક્ષુ પરિવારોને પોતાના નિવાસ સ્થાને ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમાજી તથા તેમના અંતેવાસી શિષ્ય પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના ચિત્રપટની સ્થાપના કરાવવાનો લાભ પ્રાપ્ત થયો હતો. સંસ્થાના મુંબઈ સેન્ટરથી પધારેલ મુમુક્ષુ દ્વારા ૯.૩૦ કલાકે સ્થાપના વિધિનો પ્રારંભ શ્રી નવકાર મહામંત્રની સ્તુતિથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અન્ય વિધિઓ દ્વારા ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમાજી તથા પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના ચિત્રપટનું પૂજન કરવામાં આવ્યું હતું. સુમધુર સંગીતમય ભક્તિપદોના સથવારે આ સ્થાપના વિધિ દરમિયાન ઉપસ્થિત સર્વે મુમુક્ષુઓ અત્યંત ભાવવિભોર થઈ ઉઠ્યા હતાં. શ્રી સ્થાપના મહોત્સવની વિધિના અંતે પરમ પૂજ્યશ્રી પ્રેમાચાર્યજીએ સ્થાપનાનું મહાત્મ્ય તેમજ તેની નિયમીત રીતે થતી આરાધના દ્વારા થતાં આત્મિક લાભ વિશે સંક્ષેપમાં સમજાવ્યું હતું. શ્રી સ્થાપના મહોત્સવની સર્વ વિધિ સંપન્ન થયા બાદ ઉપસ્થિત સર્વે મુમુક્ષુઓ તથા અતિથિઓએ ગુરુપ્રસાદનો લાભ લીધો હતો.

બીજે દિવસે સવારે કોલકાતા સેન્ટર સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર મંદિર મધ્યે, આજથી આશરે ૧૨૫ વર્ષ પહેલાં પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં તેમની અનન્ય એવી ભક્તિના ફળે મોક્ષમાર્ગની યાત્રાના અપૂર્વ અંગ સમા સમ્યક્ દર્શનની પ્રાપ્તિ કરી સમાધિમરણને વરનાર અણમોલ ભક્તરત્ન શ્રી અંબાલાલભાઈ તથા શ્રી જૂઠાભાઈના ચિત્રપટની સ્થાપના પરમ પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી તથા પૂજ્ય નિલેશભાઈના વરદ્ હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલકાતા રીસર્ચ સેન્ટરના બીજે માળે બનેલા અત્યાધુનિક બેન્કવેટ હોલ મધ્યેથી તે બન્ને ભક્તરત્નોના ચિત્રપટને સર્વે મુમુક્ષુઓ એક શોભાયાત્રા દ્વારા શ્રીમદ્ રાજચંદ્ર મંદિર મધ્યે લઈ પહોંચ્યા હતાં અને ત્યારબાદ તે બન્ને ચિત્રપટની શ્રીમદ્ રાજચંદ્ર મંદિર મધ્યે પરમ કૃપાળુ દેવ રચિત મંત્ર ''સહજાત્મ સ્વરૂપ પરમગુરુ''ના ભાવપૂર્વકના ગુંજારવ સાથે સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થાના એકમ ''સ્પર્શ ઈન્ટરનેશનલ ભક્તિ ગ્રુપ''ના મુમુક્ષુઓએ ભક્તિના પદોના માધ્યમે ઉપસ્થિત સર્વે મુમુક્ષુઓ તથા અતિથિઓને ભક્તિભાવમાં મંત્રમુગ્ધ કર્યા હતાં.

ત્યાર બાદ પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજી પત્રાંક ૪૯૩ના આધારે મોક્ષના ઉપાય દર્શાવતા પરમ પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી દ્વારા સર્વેને પરમ સત્સંગનો લાભ મળ્યો હતો. લોકોને મોક્ષના ઉપાયની, કર્મબંધની નિવૃત્તિની વાત આટલા ભવોથી ન સમજાવાના મુખ્ય મુદ્દાઓ ઉપર વિશેષ લક્ષ આપતાં તેમનો કહેવાનો આશય એ રહ્યો કે, ''ઘણા લોકોને આત્મધર્મની સમજણ જ નથી; સમજણ વગર પરંપરાગત રીતે થતી ક્રિયાઓથી આજના બુદ્ધિશાળી વર્ગને ધર્મમાં રસ જ પડતો નથી; બીજા કેટલાક લોકોએ પોતે જે કરે છે તે જ ૧૦૦ ટકા સાચું છે તેમ અંધશ્રદ્ધાના કારણે માની લીધું છે અને તેનાથી જુદું કોઈએ સમજાવવા પ્રયત્ન કર્યો ત્યારે આંખ-કાન-સમજણ બંધ કરી દઈને કંઈ પણ સમજણ ન લીધી; બીજા કેટલાક લોકોને આત્માના અસ્તિત્વની જ શંકા રહી ગઈ તો પછી મોક્ષ કોનો ઈચ્છે ?

અને બાકીના ઘણા લોકોને સત્ય જાણવાની ઉત્કંઠા હોવા છતાં પણ ક્યા માર્ગને સાચો માનવો તેનો ચોક્કસ નિર્ણય લઈ શકતા નથી; આવા બધા કારણોથી લોકો મોક્ષ પંથથી કે મોક્ષપદથી વંચિત રહ્યા છે.''

અત્યંત સરળ, અનુભવાત્મક અને તાત્વિક શૈલી દ્વારા તેમણે આ મુદ્દાઓ પર જે સમજાવ્યું તે સર્વ મુમુક્ષુઓને હૃદયસ્પર્શી બની રહ્યું તથા રોજીંદા જીવનમાં અંતરંગ પુરુષાર્થ કરવા માટેની જુદી જુદી રીત પણ સમજવામાં આવી.પરમ સત્સંગ પૂર્ણ થયા બાદ મુમુક્ષુઓના પરમાર્થિક મુંઝવણરૂપી પ્રશ્નોનું સરળ સમાધાન પણ તેમણે આપ્યું હતું. કાર્યક્રમના અંતે સર્વેને લાભાર્થી મુમુક્ષુ પરિવાર દ્વારા પ્રભાવનાનો લાભ પણ મળ્યો હતો.

સાંજે સંસ્થાના એકમ સ્પર્શ ઈન્ટરનેશનલ ભક્તિ ગ્રુપ દ્વારા 'અંર્તમુખ' નામક્ ભક્તિ કાર્યક્રમનું આયોજન વિદ્યામંદિર ઓડીટોરિયમ મધ્યે કરવામાં આવ્યું હતું જેનો લાભ આશરે ૭૫૦ લોકોએ લીધો હતો. આ કાર્યક્રમને પરમ પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી, પૂજ્ય નિલેશભાઈ તથા સંસ્થાના અન્ય સેન્ટર્સથી પધારેલા મુમુક્ષુઓ, કોલકાતા સેન્ટરના મુમુક્ષુઓ તથા કોલકાતાના અન્ય જૈન સંપ્રદાયના અતિથિઓએ ખૂબ જ રસપૂર્વક માણ્યો હતો. સ્પર્શના કલાકારો દ્વારા અત્યંત શાંત અને સૌમ્યરસમાં પ્રભુભક્તિના વિવિધ પદોની પ્રસ્તુતી કરવામાં આવી હતી જે ખરેખર સર્વેને અંતર્મુખતાનો અનુભવ કરાવે તેવી બની રહી હતી.

કોલકાતા સેન્ટર મધ્યે શ્રીમદ્ રાજચંદ્ર મંદિર દર્શનાર્થીઓ માટે સવારે ૭.૦૦ કલાકથી રાત્રે ૧૦.૦૦ કલાક પર્યંત ખુલ્લુ રાખવામાં આવે છે તથા નિયમીત રીતે ભાઈઓ અને બહેનોના સાપ્તાહિક સત્સંગ તેમજ વિવિધ પ્રકારની માનવસેવાનું આયોજન પણ થતું રહે છે. પ્રત્યેક પખવાડીએ રવિવારના સવારે ૧૦.૦૦ કલાકે જાહેર સત્સંગનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. સત્સંગ તથા માનવસેવાની પ્રવૃત્તિઓમાં જોડાવા માટે ઈચ્છુક વ્યક્તિઓએ મેહુલભાઈ પીપળીયા (૯૮૮૩૬ ૩૬૮૩૦) તથા નિશિતભાઈ વોરાને (૯૮૩૬૦ ૬૦૭૫૨) સંપર્ક કરવા વિનંતી. ◆








સૌજન્ય : અગાસ જાત્રા - દિવ્યાબેન ગ્રુપ, મુંબઈ

# આગન્તુક

■ ધીરુબહેન પટેલ

(૧૦)

સવારે વળી નવી ઉપાધિ આવી પડી. એન. માણેકલાલવાળાના દીકરાને કોઈ સાધુએ મરતો બચાવ્યો છે એવા સમાચાર નોકર વર્ગ દ્વારા આખા બિલ્ડીંગમાં ફેલાઈ ગયા. સૌથી પહેલાં દોડયા અર્ણવ અને શાલ્મલી. એમના ચહેરા પરનું લોલુપતાભર્યું સ્મિત જોઈને કોઈને પણ કમકમાં આવે. તેમાંયે ઈશાન તો આગલે દહાડે ફ્રાન્સિસને મોંએ સાંભળી ચૂક્યો હતો કે એ લોકો પોતાને વિશે શું વિચારતા હતાં. તે છતાં એણે એમનો આગ્રહ વિનયપૂર્વક સાંભળી લીધો અને એટલું જ કહ્યું, 'હમણાં તો મારે અહીં રહેવું પડશે. નિરંજનભાઈનો આગ્રહ છે ને, એટલે!'

'વારું, પણ પછી તો તારે આવી જ જવાનું ઈશાન! આપણું ઘર હોય ને તું બીજાને ત્યાં રહે તે કેવું લાગે, નહીં શાલુ?'

'તે જ ને! મને તો એ સીધા આશુભાઈને ત્યાં ગયા એજ નહોતું ગમ્યું. પણ થયું કે કંઈ નહીં, મોટા છે તો ફર્સ્ટ રાઈટ એમનો, પણ હવે તો આપણે ત્યાં જ આવી જવાનું. જેને દર્શન કરવાં હોય તે આપણે ત્યાં આવે.'

ઈશાન આ 'દર્શન' શબ્દ સામે વાંધો લેવાનો હતો, પણ વળી એને થયું કે નકામી ચર્ચા વધારવામાં શો ફાયદો? એ લોકોનું ધ્યાન હજી બહારની વસ્તુઓમાં જ છે, કદાચ એમ જ રહેશે. સહેજ લાંબો શ્વાસ લઈને એણે કહ્યું, 'હમણાં તો મુશ્કેલ છે. પછી જોઈએ.'

'વારુ, હમણાં નહીં તો પછી, પણ આ વખતે રીમાભાભીને ત્યાં નથી જવાનું હં, હું કહી દઉં છું...'

'નહીંજાઉં.' ઈશાને ગંભીરતાથી કહી હાથ જોડ્યા.

'ઈશાન, કંઈ જોઈતું હોય તો કહેજે હં...'

'પેલી માની છબી જરા જોજો ને મળે તો મારે એક વાર જોવી છે,' ઈશાનથી બોલાઈ ગયું.

'હું તો ત્યાંથી કશો જૂનો સામાન લાવ્યો જ નથી, તે છતાં જોઈશ. કદાચ આશુભાઈને ત્યાંથી નીકળે પણ ખરી. મળશે તો તને આપી જ દઈશું.'

'ના, લઈ નથી જવી.'

'હા, તારું પાછુ હજુ કંઈ સ્ટેડી નથી થયુ ને! એક વાત કહું ઈશાન? તું જરા હિન્ટ આપે ને તો આ નિરંજનભાઈ તને ઈઝિલી એકાદ ફ્લેટ અપાવી દે. પાર્ટી બહુ સોલિડ છે.'

'મારે ફ્લેટ શું કરવો છે?'

ઈશાનના પ્રશ્નથી અર્ણવનો ઉત્સાહ ઠંડો પડી ગયો. એ કંઈ બોલ્યો નહીં, પણ એને ઈશાનની આ વાત જરાયે ગમી નહીં. હાથમાં આવેલી તકને ઝડપી ન લે એ તો કેવો માણસ કહેવાય? ભગવાનેય ખરો છે ને! આવા આવાને વરસી જાય છે.

ભગવાન પ્રત્યેનો અસંતોષ મનમાં લઈને અર્ણવ લિફ્ટમાં નીચે ઊતર્યો ત્યારે વળી પાછો એને ઝબકારો થયો. કદાચ ઈશાન પોતે માને છે એટલો બુદ્ધુ ન પણ હોય. નિરંજનભાઈના ઘરમાં જ જામી જવું શું ખોટું? એ જ પળે એના વિચારોનો પડઘો પાડતી હોય એમ શાલ્મલી બોલી, 'જોજો ને, નિરંજનભાઈ એમને ઘરજમાઈ જ બનાવી દેશે. છોકરાની તબિયતનું તો હજુ શું ઠેકાણું કહેવાય?'

શાલ્મલીની વાતથી અર્ણવ ખૂબ રાજી થઈ ગયો. એવી જરા પણ શક્યતા હોય તો તો બેડો પાર થઈ જાય. ઈશાનની સાથે સાથે પોતાનો પણ! નેન્સીને સ્વિટ્ઝરલેન્ડ ભણવા મોકલી શકાય... અને બિઝનેસ કોન્ટેક્ટ્સનો તો

પાર નહીં...

ઈશાને આજે અનુવાદનું કામ આગળ વધારવા ધાર્યું હતું. સવારના પહોરમાં થયેલા ભાઈભાભીના આક્રમણને લીધે એ થોડો વિચલિત થઈ ગયો. એ લોકો ગઈ કાલે શું બોલ્યાં હતાં તે આજે યાદ રાખવાની શી જરૂર? એમના આમંત્રણનો અસ્વીકાર કરવાની શી જરૂર? મનમાં એમના પ્રત્યે થોડો વિરોધ જાગ્યો છે - કશોક અણગમો... અને એનો અર્થ એ જ કે હજી ઈશાનને 'ઈશાન' પ્રત્યે પ્રીતિ છે. કોઈ એને વિશે ઘસાતું બોલે કે વિચારે તે નથી ગમતું. અહંતાની બેડીઓ ભલે હળવીફૂલ જેવી થઈ ગઈ હોય, છતાં પગમાં પડી તો છે જ!

પુસ્તકનાં પાનાં ફેરવતાં મનમાંથી એક આછો નિઃશ્વાસ સરી પડ્યો, 'મને તદ્દન એકલો મૂકીને તમે ક્યાં જતાં રહ્યા ગુરુદેવ? આ સંસારમાં હું કેવી રીતે જીવીશ? ડગલે ને પગલે મારો હાથ ઝાલીને કોણ મને બતાવશે કે ક્યાં જવું? શું કરવું?'

તે સાથે જ ગુરુનું ખડખડાટ હાસ્ય યાદ આવ્યું. એ હંમેશ કહેતા, 'ગુરુ કહીં આતેજાતે નહીં બેટા ઈશાન! ભીતર દેખો - ગુરુ તો હંમેશા પાસ હી હોતે હૈં, ઉનકી બાત ઠીકસે સુનના - ટાલ મત દેના. સમજ ગયે ન? ફિકર મત કરો. બેડા પાર લગ જાયેગા.' પછી એ ખંડમાં ઈશાન એકલો ન રહ્યો. શાસ્ત્ર અને ગુરુના સાન્નિધ્યમાં બધી ક્ષણો હળવીફૂલ થઈને આવ્યા પહેલાં જ ઊડી જવા લાગી.

અનુવાદ માટેના પુસ્તકને સ્પર્શ કરી હાથ જોડ્યા અને ઈશાન બહાર નીકળ્યો. એટલીવારમાં ઈપ્સિતા આવી એની પૃચ્છાના જવાબમાં ઈશાને કહ્યું,

'બહાર જતો હતો.'

'અત્યારે? તાપ લાગશે. સાંજે હેન્ગિંગ ગાર્ડન, વરલી, વાંદરા, જુહુ જ્યાં જવું હોય ત્યાં જજો ને! ડ્રાઈવર ગાડીમાં લઈ જશે.'

'ના, હમણાં જઈશ.' ઈશાને ગંભીરતાથી કહ્યું.

ઈપ્સિતા શાંત થઈ ગઈ. એણે ઈશાનને ઉત્તરકાશીમાં જોયો છે. ઓમકારગિરિ પાસે બાળક, પણ બીજે બધે તો જેનું કહ્યું માનવું પડે એવો એક પ્રભાવશાળી સંત. જરા આઘે ખસીને એણે નમ્રતાથી પૂછ્યું, 'બેત્રણ કલાકમાં આવી જશો ને? કંઈ તરફ જાઓ છો?'

'નક્કી નથી.'

સાચે જ નક્કી નહોતું. કમ્પાઉન્ડમાં એકાદ લટાર મારીને દરવાજાની બહાર ગયા પછી જીવને સારું લાગ્યું. એક દિશા પકડીને ચાલવા માંડ્યું. હજી તો બપોર ઢળવાને વાર છે તોયે ચીસ પાડતાં, ખિજાતાં, ઓચિંતા અટકી જતાં અને પાગલપણે દોડવા માંડતાં વાહનોની કંઈ ખોટ નથી આ વિશાળ રાજમાર્ગ પર. ક્યારેક ધુમાડો દેખાય છે, ક્યારેક નથી દેખાતો, પણ શ્વાસમાં ભાર વરતાય છે. કશીક દુર્ગંધ, જે આસ્તે આસ્તે વાતાવરણનો એક ભાગ બની ગઈ છે.

એકાન્તથી ટેવાયેલા માણસને આ મેદનીનો પણ ભાર લાગે. ભલે કોઈ બોલાવે નહીં, સામે પણ ન જુએ તે છતાં આટલા બધા લોકોનું એક જ જગ્યાએ હોવું પણ મનનો બોજ બની જાય છે. તેમ છતાં 'ધ નેસ્ટ'ના સૌથી ઉપરના માળ કરતાં અહીં એક મોકળાશ વરતાય છે. અહીં એ માત્ર એક માણસ છે. બીજા બધાના જેવો જ - રસ્તા પર ચાલ્યો જતો માણસ.

ખૂબ ચાલ્યા પછી બેસવાનું મન થયુ. સમુદ્રને કિનારે બાંધેલી સિમેન્ટની પાળ પર ઈશાન બેસી ગયો. એનું મોં રસ્તા ભણી નહીં, દરિયા તરફ હતું. મોજા ખૂબ આઘે જતાં રહ્યાં હતાં. કાળા ખરબચડા ખડક બેઠા બેઠા એમના પુનરાગમનની રાહ જોયા કરતાં હતાં. કદાચ એમને નહાવું હોય, કદાચ એ પછડાટનો માર ખાવો હોય... બધી વાતની આદત પડી જાય છે. નહીંતર સંસારીઓ શા માટે સંસારમાં પડ્યા રહે? ભારે સહનશીલ છે એ લોકો, એના એ સંજોગોમાં એનું એ દુઃખ વેઠ્યા કરે છે છતાં જરી ટસથી મસ થતાં નથી. બરાબર આ ખડક જેવા છે એ બધા. અચાનક વચ્ચેથી ઈશાનને કોઈએ ટપાર્યો, 'વાહ! ગુરુ, તો પછી તમે કેવા છો? હોડી બનીને નીકળી

સૌજન્ય : સમીર શાહ અને કસ્તુરબેન મારુ, મુંબઈ

પડ્યા હતાં - અહીં અધવચ્ચે ક્યાં અટકી પડ્યા છો ?'

દીનતાનો એક અજબ ભાવ મનમાં વ્યાપ્યો. ઓમકારગિરિ હંમેશા કહેતાં - 'પહુંચ જાના.. ચાહે કહીં ભી રહો, ચલતે રહના !' ગુરુનું એ વચન ભુલાતું નથી, પણ માર્ગ ક્યાં છે? ઈશાનને આમ એકલો મૂકીને ગુરુમહારાજ ક્યાં ચાલી ગયા? કેમ ગયા? હવે એમનાં દર્શન ફરી ક્યારેય નહીં થાય ? સાગર સામે જોતાં ઈશાનનાં નેત્રો ધીરે ધીરે વહેવા લાગ્યાં તે સાથે દુ:ખની એક મીઠી લાગણીમાં ઈશાન પણ વહેવા લાગ્યો. બહુ સારું લાગે છે આમ ગુરુજીને યાદ કરીને રોવું, પણ એમને તો આ ન ગમે. તેઓ જો અત્યારે પોતાને જુએ તો હસી પડે. કહે, 'ધત્તેરેકી ઈશાન! યે ક્યા તમાશા લગાયા હૈ? દેખ ! તેરા ગુરુ તો આસન લગાયે વહીં બેઠા હૈ - કહીં આતા જાતા નહીં.'

ગુરુનું વચન કદી મિથ્યા હોય નહીં. આંખો લૂછીને ઈશાન દૂર ક્ષિતિજમાં ઢળતા સૂર્ય સામે જોઈને સાયંસંધ્યાના મંત્ર મનમાં બોલવા લાગ્યો. સાગરનાં ખારાં પાણી પરથી વહી આવતી હવામાં એક તાજગી હતી. એણે ચારે કોરથી લપેટી લઈને ઈશાનને સ્નાન કર્યા જેવો જ શુદ્ધ બનાવી દીધો.

જે ઈશાન ત્યાંથી ઊઠીને ચાલ્યો તે એક બીજો જ ઈશાન હતો. દુકાનોમાં અત્યારથી ભપકાદાર પ્રકાશ ઝળહળી ઊઠ્યો હતો. ક્યાંક રંગબેરંગી, ક્યાંક તીખો, તેજસ્વી, ક્યાંક બપોરના બાર વાગ્યાનો આભાસ ઊભો કરતો એક ધારો - શાંત તોયે પ્રખર! મજાલ શી અંધકારની કે જરા ડોકિયું યે કરે!

અનાયાસે આંખો એ તરફ ઢળતી હતી. આહા, કેટલી બધી જાતજાતની ચિત્રવિચિત્ર વસ્તુઓ! માણસને શું ખરેખર જીવનયાત્રા ટકાવી રાખવા માટે આ બધાની જરૂર પડતી હશે ? કોઈએ જાદુઈ લાકડી ફેરવીને આ માયાનગરી ઊભી કરી દીધી છે માણસને ભુલાવામાં નાખવા માટે... મનોહર તો છે જ, પણ એને જોઈને સંતોષ ન મળે. આ બધી ચીજો મળવી જોઈએ, પોતાને એકલાને મળવી જોઈએ. કોઈને એ ન મળે! તૃષ્ણાનો પ્યાલો હોઠ લગી આવીને દૂર સરી જાય એ જ નિયતિ છે અને એને સ્વીકારવાનું કામ બહુ અઘરું છે.

તોયે ઈશાન તો મુંબઈનો આ ચિરંતન મેળો જોતો જોતો સહેજ રમૂજ પામતો ચાલ્યો જાય છે. એ જાણે છે આ એક બીજી જ દુનિયા છે. અને પોતે એ દુનિયાનો વાસી નથી. ચાલવાનો થાક લાગે એ પહેલાં 'ધ નેસ્ટ'નો દરવાજો આવી ગયો. થોડાક અસ્વસ્થ, ચિન્તાજનક લાગતા નિરંજનભાઈ દેખાયા. તેમની પાસે વિનયથી જઈને ઈશાને પૂછ્યું, 'શું કાંઈ થયું છે ?'

'તમે ક્યાં જતાં રહ્યાં હતાં બાબા ? મને તો એટલી બધી ચિંતા થઈ !'

'શા માટે ?'

'અરે - આ આટલું મોટું શહેર! તમને એમ ને એમ કંઈ એકલા જવા દેવાતા હશે ? આ ઈપ્સુ પણ ગાંડી જ છે ને! પણ કંઈ નહીં, ચાલો હવે ઉપર.'

લિફ્ટમાં ઉપર ચડતાં એમણે ઈશાનને કહ્યું, 'તમારા ઘરનાં બધાં મળવા આવ્યાં હતાં. તમે નહોતા એટલે નિરાશ થયાં - ખાસ કરીને પેલી નાની છોકરી!'

'મિહિકા ?'

'હા...અને બાબા, તમને ખાસ વાત તો એ કરવાની કે ડૉક્ટર માર્શલ રજતને સ્વિટ્ઝરલેન્ડ લઈ જવા માગે છે અને રજત ના પાડે છે. હવે આપણે તમે કહો એમ કરીએ.'

'જોઈએ.'

ફ્લેટમાં પેસતાં જ છગને વિનમ્રભાવે કહ્યું, 'કોઈ બાવાજી આવેલા છે, આગળના રૂમમાં બેસાડ્યા છે.'

જોયું તો સોમગિરિ! ◆

**ક્રમશઃ**

---

**નોંધ :** ધીરુબહેન પટેલની નવલિકા આગન્તુકનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

■ **રેશમા ધામી** - બેંગ્લોર

ગયા અંકમાં આપણે આપણા માતા-પિતા દ્વારા મળેલ આ દેહરૂપી અમૂલ્ય ભેંટની વાત કરી, તેમની સાથેનો સંબંધ કઈ રીતે શુભ થાય એની ઉપર દ્રષ્ટિ ફેરવી હતી. આપણા માતા-પિતાએ દેહ ઉપરાંત આપેલી બીજી અમૂલ્ય ભેંટ એટલે આપણા ભાઈ અને બહેન, જેમની સાથે આપણે ખાટા-મીઠા સંબંધથી જોડાયેલા છીએ.

નાનપણથી જ આપણે આપણા ભાઈ-બહેન સાથે આપણા કપડાં, રમકડાં, વસ્તુઓ, ચોપડાઓ, રૂમ, કબાટ; લગભગ બધુંજ શેર કર્યું છે. નાનપણમાં તોફાન-મસ્તીથી ભૂલો કર્યા બાદ મમ્મી-પપ્પાની વઢથી બચાવવું તો કોઈવાર કોઈ વસ્તુ માટે એમને બ્લેકમેલ કરવું આ બધું સામાન્ય છે. ક્યારેક કોઈક કારણસર ભાઈ-બહેનના કારણે આપણને વઢ પડી જાય ત્યારે એવું પણ લાગે છે કે મમ્મી કે પપ્પા પક્ષપાત કરે છે, મને ઓછો પ્રેમ કરે છે એવી ફરિયાદ પણ થતી હોય છે ને !

આ શેરીંગમાં, આ ફરિયાદમાં, આ પ્રેમમાં જે ઝળકે છે તે છે એમની સાથેના આપણા પૂર્વના શુભાશુભ ઋણાનુંબંધ.

ભાઈ-બહેન સાથેના આ સંબંધમાં પણ અનેક ઉતાર-ચઢાવ આવે છે. ખૂબ નાના હોય ત્યારે એક બીજાને એક મિનીટ માટે પણ મૂકતાં ન હોય એ જ યુવાનવસ્થામાં એમને મૂકીને મિત્રો સાથે વધારે સમય વિતાવે છે. હજુ વધારે મોટા થયા ત્યાં પોતાની કારકીર્દી બનાવવામાં વ્યસ્ત થઈ જવાય છે. પછી લગ્ન થાય, બાળકો થાય એમ એમ દરેકની પ્રાધાન્યતા બદલાતી જાય છે.

પણ ગમે તે ઉંમરે કોઈ મુશ્કેલી આવે કે દુઃખ આવે ત્યારે સહુ પ્રથમ ભાઈ કે બહેન જ યાદ આવે છે. આ એક એવો સંબંધ છે જેની સાથે એક્સટ્રીમ સુખ કે દુઃખ શેર કરવાનું મન થાય.

આગળ કહ્યું તેમ આ સંબંધ ખટ-મિઠો છે અને આ ખટ-મિઠાશમાં જ આની મજા છે. પણ ધ્યાન એ રાખવાનું છે કે મિઠાશ વધારે અને ખટાશ નામની જ રહે. અને જે નાની નાની ફરિયાદો છે એ નાનપણ સુધી જ સિમીત રહે, બાળપણમાં જ ભૂલાઈ જાય. આવી ફરિયાદો, કે મમ્મી-પપ્પા મારા કરતાં તેને વધુ પ્રેમ કરે છે એ મોટા થઈને આપણા સંબંધને અસર ન કરે.

મારો ભાઈ હંમેશા મજાકમાં મને કહેતો, ''હું હસું છું, હું બહુ જોરથી હસું છું કે હું તારો ભાઈ છું. અને આ બાબતમાં તું કંઈ જ કરી નથી શકતી.''

નાનપણની મજાકની આ વાત કેટલી સાચી છે કે આ આપણો ''તૈયાર'' સંબંધ છે. તેમાં કોઈ ફેરફાર થાય તેમ નથી. ધારો કે કોઈ મિત્ર સાથે ન ફાવે તો ધીરે ધીરે એની સાથે સંબંધ ઓછો કરી શકીએ, બોસ સાથે ન ફાવે તો જોબ ચેન્જ કરી લઈએ, ધારો કે પતિ કે પત્ની સાથે ન ફાવે તો છૂટાછેડા થઈ શકે છે, પણ... ભાઈ-બહેન તો આખી જિંદગી ભાઈ-બહેન તરીકે જ ઓળખાય છે.

તો જો આ સંબંધ પરમાર્થે અત્યંત શુભઋણાનુંબંધે, લાઈફ ટાઈમના મિત્ર બની ભોગવીએ તો કેવી મજા પડે!!!

નાના મોટા ઝઘડા એ તો સામાન્ય વાત છે અને આ સંબંધની એ જ તો ખરી મજા છે. નાના મોટા વિચારોના મતભેદ જેમ કે આજે કઈ હોટેલમાં જમવા જવું છે, કયુ પિક્ચર જોવું છે, તેં મારા કપડા કેમ પહેર્યા વિગેરે તો થવાના જ છે.. પણ મનભેદ ન થાય એનું ધ્યાન રાખવાનું છે.

વર્ષો બાદ જ્યારે આપણા માતા-પિતા હયાત નહીં હોય ત્યારે આપણા આ ભાઈ કે બહેન જ કામ આવશે. આ એક એવો સંબંધ છે જેની સાથે જીવનની સહુથી મીઠી યાદો જોડાયેલી છે. તો શું પ્રયત્ન કરી તેમની સાથે પરમાર્થ યાદોથી ન જોડાઈ શકીએ ? આ એક એવી વ્યક્તિ છે જેને તમારી પ્રકૃતિઓ (સારી કે ખરાબ) ખબર છે તો તેને કાઢવા કે વિકસાવવા તે તમારી મદદ ન કરી શકે ? આ એક એવી વ્યક્તિ છે જે જ્યારે ઈચ્છે ત્યારે તમને તમારી ભૂલ માટે ઠપકો આપી શકે. તેને કોઈ પાબંદી લાગતી નથી. તો પરમાર્થે તમારા દોષ માટે તમને ઠપકો ન આપી શકે ?

આ બધું જ થઈ શકે જો તમે મોટા થઈ, 'મોટા' ન થયા હો તો! કોઈ વસ્તુ કે વ્યક્તિ કરતાં તેમનું મહત્વ તમારા મનમાં વધારે હોય તો આજે પણ આ બધું થઈ શકે છે.

કેટલું વિચિત્ર લાગે છે કે બાળપણની આ યાદો, આ પ્રેમ ભૂલાઈ જાય છે અને મોટા થયા પછી પૈસા માટે, દેરાણી-જેઠાણીના ઝઘડામાં ભાઈ-ભાઈ દૂર થઈ જાય છે. અહીં કોઈનો દોષ જોવાનો કે ટીકા કરવાની વાત નથી. વાત ચાલે છે બાળપણથી એક સાથે રહી મોટા થયેલા ભાઈ-બહેનના સંબંધની ગરિમાની.

વાચક સમજું છે અને આ સંબંધની ગરિમાને સમજે છે. એટલે આ સંબંધને પોષણ આપતાં રહેશે એમ માની વિરમું છું.◆

સૌજન્ય : ભાવીન રમેશચંદ્ર શાહ, શારજાહ

# શ્રી રાજપ્રભુની ૧૫૦ મી જન્મજયંતિના અવસરે રાજ પરિવારની ધર્મયાત્રા

પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે, શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટરે એક ખાસ જાત્રાનું આયોજન ૨૫થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ દરમિયાન કર્યું હતું. આ જાત્રાની વિશેષતા એ હતી કે ગુજરાત રાજ્યમાં જ્યાં પરમ કૃપાળુ દેવ વિચર્યા હતાં તેમાંની મુખ્ય જગ્યાઓની મુલાકાત લઈ, પ્રભુ પ્રત્યેની ભક્તિમાં આનંદ માણવો. મુંબઈ, કોલકાતા, બેંગલોર, દુબઈ, ગુજરાત વગેરે જુદા જુદા શહેરોથી લગભગ ૧૫૦ મુમુક્ષુઓ આ જાત્રામાં જોડાયા હતા.

આ પ્રવાસ વવાણીયા પરમ કૃપાળુ દેવની જન્મભૂમિથી શરૂ કરીને સાયલા, કોબા, કાવીઠા, અગાસ, રાળજ, વટામણ, નડિયાદ, મોરબી, રાજકોટ, વડવા, ખંભાત થઈને ઈડર ખાતે પૂર્ણ થયો.

વવાણીયામાં આત્મસિદ્ધિ, અપૂર્વ અવસર જેવા અદ્ભુત પદો શીત ભાવે ભાવતા ધ્યાનમય થયા હતા. ત્યાંના એક મુમુક્ષુભાઈ શ્રી નાનુભાઈએ પરમ કૃપાળુ દેવના જાતીય સ્મરણ જ્ઞાન, અપૂર્વ અવસર તથા બીજા જુદા જુદા પ્રસંગોનું વર્ણન કરતાં જાત્રાળુઓએ પરમ કૃપાળુ દેવનું સાનિધ્ય અનુભવ્યું અને ૧૫૦ વર્ષ પછી પણ એક એક રજમાં જાણે સાક્ષાત કૃપાળુ દેવ બિરાજમાન છે એવો અનુભવ થયો. જુદા જુદા મુમુક્ષુઓને જુદે જુદે સ્થળે આત્માની પ્રતીતિના અનુભવ થયા. પરમ કૃપાળુ દેવ સાક્ષાત તત્વરૂપે હાજરાહાજુર છે, તેમના શુદ્ધ પરમાણુઓને ત્યારે પણ સર્વેએ આનંદ સ્વરૂપે, પ્રેમ સ્વરૂપે, ભક્તિ સ્વરૂપે અનુભવ્યા.

ત્યાંથી મોરબી ગયા. જ્યાં પરમ કૃપાળુ દેવ પત્રો લખતા તે ઘર અને તેમના લગ્ન સ્થળની મુલાકાત લઈ શાંત ભાવે ભક્તિ અને ધ્યાન કર્યું. તેમજ નર્મદા મેન્શન જ્યાં તેમનો સમાધિમય અવસ્થામાં દેહવિલય થયો હતો એના દર્શન કરી ધન્ય થયા. સમાધિસ્થળે પણ દર્શન-વંદન કર્યા. રાજકોટમાં ૧૫૦ વર્ષ નિમિત્તે સત્સંગ ને ભક્તિ યોજી હતી તેનો લાભ મળ્યો.

સાયલામાં એક રાત્રી રોકાણ કર્યું. ત્યાં પૂ. ભાઈશ્રીનો સમકિતના લક્ષણ વિશે સત્સંગ થયો અને બન્ને આશ્રમના મુમુક્ષુઓએ સહજ પ્રેમ ભાવે મળી ખૂબ આનંદ અનુભવ્યો. પૂ. ભાઈશ્રીએ શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટર માટે ખૂબ પ્રભાવિત થતાં નીચેની વાતો જણાવી હતી; પર્લી આશ્રમના મુમુક્ષુઓની ''સ્પર્શ ભક્તિ'' ખરેખર ખૂબ જ સ્પર્શી છે, વારંવાર આવી ભક્તિનો તેઓ આનંદ લે છે. 'હૃદયસખા સોભાગ' પુસ્તકનું વિમોચન થયું પછી એનો સૌથી વધુ લાભ પર્લી આશ્રમના મુમુક્ષુઓએ લીધો છે, માટે ખરેખર તેઓ સ્વાધ્યાયના જીજ્ઞાસુ છે. પર્લી આશ્રમે અદ્ભુત પ્રયાસ કરી વારંવાર સર્વ સ્થળે ધર્મયાત્રાઓ કરી બધા આશ્રમો વચ્ચે એકતા કરવા સફળ પુરુષાર્થ કર્યો છે.

સાયલાના મુમુક્ષુઓએ પણ પૂ. સોભાગભાઈના પ્રસંગોનું અદ્ભુત વર્ણન કર્યું. પરમ કૃપાળુ દેવ પ્રત્યે પૂ. સોભાગભાઈની ભક્તિ, પ્રેમનો વિકાસ સહુએ અનુભવ્યો. ત્યાં ભક્તિ-ધ્યાન કરવામાં સહુએ ખૂબ લીનતા અનુભવી હતી. દરેક સ્થળે ત્યાંના મુમુક્ષુઓમાં પ્રેમ-ભક્તિ, સેવા ભાવના ખૂબ હતી. મુમુક્ષુઓની ખૂબ સંભાળ લીધી હતી.

ત્યારબાદ 'અગાસ' ગયા જ્યાં પ્રભુશ્રીએ આશ્રમની સ્થાપના કરી ઉત્કૃષ્ટ સાધના કરી જગતના લોકોને પરમ કૃપાળુ દેવનું મહાત્મ્ય સમજાવ્યું. આપણું શિષ્યત્વ કેવું હોવું જોઈએ કે ભગવાનને પણ ભક્ત સામે આવવું પડે એ શિખવા મળ્યું. પત્રાંક ૨૦૧-'નિર્વિકાર છતાં પરબ્રહ્મ પ્રેમમય પરાભક્તિ ને વશ છે' એનો અગાસમાં અનુભવ કર્યો!

પછી પ્રભુએ એકાંતમાં કરેલી આરાધના સ્થળ 'વડવા' ગયા જ્યાં પ્રભુએ કહ્યું હતું કે આ જગ્યાએ હું ૫૦૦ વાર આવ્યો છું. પછી 'રાળજ' જ્યાં પ્રભુએ ૪ પદોની રચના કરી જીવને કયા કયા દોષો મોક્ષમાર્ગે અટકાવે છે; એને કેવી રીતે દૂર કરાય એ આપણા બધા જીવો ઉપર કરુણા કરી સમજાવ્યું છે.

ત્યાર પછી અંબાલાલભાઈનું જન્મસ્થળ 'ખંભાત' ગયા. એ જમાનામાં રઈસ કહેવાતા અંબાલાલભાઈ પ્રભુને ઓળખી ગયા અને સર્વસ્વ અર્પણ કરી પ્રભુની સેવામાં

પોતાનું જીવન વિતાવ્યું.

ત્યારબાદ નડિયાદમાં આત્મસિદ્ધિની ગાથાઓનું અધ્યયન કરતાં બધા મુમુક્ષુઓએ ખુબ શાંતિનો અનુભવ કર્યો હતો. રાળજ, વડવા, ખંભાતમાં પરમ કૃપાળુ દેવ, પૂ. અંબાલાલભાઈ અને બીજા મુમુક્ષુઓની પ્રેમભક્તિ અનુભવી હતી. પરમ કૃપાળુ દેવનો પરોક્ષ અનુભવ કરતાં કરતાં પ્રત્યક્ષ પ્રભુનું અત્યંત મહાત્મ્ય વેદાયું અને અહો! અહો! અત્યંત ઉપકાર કે આ કળિકાળમાં અમને પ્રત્યક્ષ જ્ઞાની મળતાં આત્માની ઓળખાણ, સાચી ભક્તિ અને જ્ઞાનનો વિકાસ થયો. હવે ચોક્કસ થોડા જ ભવોમાં પરિભ્રમણથી છૂટાશે એની આત્માએ ખાતરી આપી. આત્માના છ પદની પવિત્ર જ્ઞાનગંગામાં સ્નાન કરતાં પરિભ્રમણની સંપૂર્ણ આહુતિ ચોક્કસ થશે જ એ અનુભવાયું. ઘણા મુમુક્ષુઓના પ્રેમ-અશ્રુ સરી પડ્યા અને મુખમાંથી બોલ સરી પડ્યા કે, ધન્ય બન્યો આજે અવતાર કે મળ્યા અમને સહુને સત્ પરમાત્મા. આનંદમાં વિરહ ને મિલનની મસ્તીમાં સહુ કોઈ તરબોળ થયા હતા.

જ્યાં પ્રભુએ સર્વથી ઉત્કૃષ્ટ સાધના કરી અને સિદ્ધશીલામાં સિદ્ધના સુખનો અનુભવ કરતાં સાત મુનિઓને બોધ આપ્યો એ ઈડરના ઘંટીયા પહાડ પર સિદ્ધશિલા પાસે ગુરુ મંદિરમાં અદ્‌ભુત અલૌકિક શાંતિનો અનુભવ કર્યો. ત્યાં દેવપૂજા, ભક્તિમાં સર્વે મુમુક્ષુઓએ આનંદ અનુભવ્યો. ૩૧ ડિસેમ્બરે રાતના ૩.૦૦ વાગ્યા સુધી પરમાર્થિક એક્ટીવીટી અને પછી અખંડ ભક્તિમાં સૌ ગાંડાઘેલા થયા હતા. નવા વર્ષની નવી ક્ષણોની શરૂઆત પરમ કૃપાળુ દેવ અને પ્રત્યક્ષ પ્રભુનું સાનિધ્ય અનુભવતા કરી. સર્વે મુમુક્ષુઓએ ઈડરના પહાડોમાં જુદી જુદી જગ્યાએ ધ્યાન સાધના કરતાં અત્યંત એકાંત, અસંગતા ને આનંદનો અનુભવ કર્યો.

વટામણમાં બેનશ્રી અને મુમુક્ષુઓએ ખૂબ અદ્‌ભુત ભક્તિ કરાવી પછી ભેદજ્ઞાન સંભળાવી આનંદથી અત્યંત ભરપૂર કર્યા હતા.

કોબામાં પૂજ્યશ્રી આત્માનંદજીએ સર્વ મુમુક્ષુઓને ખૂબ આશીર્વાદ આપ્યા. ત્યાંના એક મુમુક્ષુએ કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યા વિશે અદ્‌ભુત સત્સંગ આપ્યો હતો. ત્યાં પણ ખૂબ આનંદ ઉલ્લાસ થયો હતો.

સર્વ સ્થળોએ ટ્રસ્ટીગણ, મુમુક્ષુઓએ ખૂબ પ્રેમથી અમોને આવકાર્યા, ખૂબ સેવા આપી તે માટે તે સર્વેનો શ્રીમદ્ રાજચંદ્ર આત્મતત્વ રીસર્ચ સેન્ટર ખૂબ ખૂબ આભારી છે. તેઓ સર્વેને પર્લી આવવા ભાવભર્યું નિમંત્રણ આપ્યું છે.

સૌ જાત્રાળુઓએ ફરી ફરી આવી યાત્રા યોજવાની ભલામણ કરી છે. રાજપ્રભુની પાવન ભૂમિનો સ્પર્શ કરવાનો લાભ એટલો અમૂલ્ય હતો કે એને વ્યક્ત કરવા માટે શબ્દો નથી. યાત્રામાં એટલો અનેરો આનંદ આવ્યો કે પાછા ફરવાનું મન નહોતું થતું. સર્વ યાત્રાળુ મુમુક્ષુઓ વચ્ચે બંધુભાવ અને ઐક્યભાવ કેળવાયો.

અંતે અંતરથી એ પ્રાર્થના ચાલી કે હે પરમ કૃપાળુ દેવ અમને પણ પ્રત્યક્ષ પ્રભુ 'પૂજ્યશ્રી' મળ્યા છે. મારું એવું શિષ્યત્વ થાય અને એમનું મહાત્મ્ય વેદાય, એમની આજ્ઞા પ્રમાણે વર્તી પ્રમાદ રહિત થઈ આ યાત્રાથી અંતરંગ યાત્રાની શરૂઆત થાય (જે પૂજ્યશ્રી ઈચ્છે છે), એજ આપની પાસે અંતરથી પ્રાર્થના કરું છું. એવી કૃપા કરો, કૃપા કરો, કૃપા કરો! ◆



સૌજન્ય : જોશી લેન ઘાટકોપર સત્સંગ ગ્રુપ, મુંબઈ

# પરમ પૂજ્ય પપ્પાજી
## A Life Changer

■ **જલ્પા ગાંધી,** મુંબઈ



પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર...

પરમ પૂજ્ય પપ્પાજી સાથેની મારી પરમાર્થ યાત્રા ૨૦૦૩થી ચાલુ થઈ. એ પહેલી મુલાકાત જાણે પ્રણયની પહેલી શરૂઆત. મારા ભાભીએ મને કહ્યું, હું તેમને બહુ જ માનું છું, એકવાર તું પણ મુલાકાત કર. પૂજ્યશ્રી સાથે વાત કરતાં તેમણે કહ્યું, પંદર દિવસ પછી સત્સંગમાં પુરુષાર્થ કરી આવે. માર્ગમાં નવી હતી, પુરુષાર્થ કોને કહેવાય એ પણ ખબર નહીં એટલે દિવસ-રાત એક જ રટણ 'સહજાત્મ સ્વરૂપ પરમગુરુ' ચાલ્યા કરતું. પછી લગ્ન હોય કે કોઈ મિત્ર સાથે હોઉં, બસ અંતરથી રટણ ચાલે. રોજ સાંજના દેરાસરમાં પ્રભુને પ્રાર્થના કરું કે મારે મળવું છે. રોજ એમને કહું, તમને મળવું છે એમ તેમની સાથે મનોમન વાતો કરું.

આખરે એ દિવસ આવી ગયો. પરમ કૃપાળુ દેવને પ્રાર્થના કરી, મારા હસબન્ડની પરમીશન લીધી. રવિવારે પૂજ્યશ્રીને ફોન કર્યો કે મારે તમને મળવું છે. તેમણે કહ્યું, 'કોઈ મુમુક્ષુ મને મળવા માગે ને હું ન મળું તેમ કેમ બને ?' અહો ! અહો ! આટલી સરળતા ? મનમાં થયું, આટલા મોટા જ્ઞાની, સત્પુરુષ મને આટલી સરળતાથી કહે છે, મુમુક્ષુ ! બસ ત્યારથી તેમની ફેન થઈ ગઈ. તેમને મળવા ગઈ તો લાગ્યું જાણે રાધા તેના કૃષ્ણને મળવા જાય છે. મીરાની ભક્તિ અને રાધાનો પ્રેમ લઈને ગઈ. બધાંજ દોષો પુરુષાર્થની બુકમાં લખીને તેમને અર્પણ કર્યા. તેમની આજ્ઞા મળી, ''નાળિયેરીથી ગોળો ભિન્ન છે નો વિચાર કરો.'' ભેદ-જ્ઞાન કરવા કહ્યું, સમકિતનું દાન તો ત્યારે જ અપાઈ ગયું.

પછી પૂજ્યશ્રીને પત્રો લખ્યા, ફોન કરી પુરુષાર્થ કર્યો. તેઓ કહેતા, સ્વભાવ સુધારો, પોતાનો

આત્મ-ભાવ કેળવો, પર ની મારે શું ચિંતા? તેમણે મંત્ર પણ બરાબર સમજાવ્યો. કહ્યું કે જ્યારે તારા હસબન્ડ ઓફિસનું કામ કરે ત્યારે તારે બહાર બેસી મંત્ર-સ્મરણ કરવું. એ સત્પુરુષ જ છે, જેમણે મારો સંસાર પણ સુધાર્યો ને પરમાર્થ પણ.

'પિછે લાગ સત્પુરુષ કે'- માર્ગ ન મળે ત્યાં સુધી જ્ઞાનીને છોડવા નહીં. પછી બધું જ કરી છૂટવું, પ્રિયપાત્રને ગમે તેમ કરીએ જ છીએ ને? બસ એમજ. પૂજ્યશ્રી કહેતા કે જો તમે તમારા પતિની બધી જ વાત માનો, તેને ગમે તે બધું જ કરો તો તે તમારી એક વાત ન માને? તમને સત્સંગમાં આવવાની રજા ન આપે? પણ ત્યારે મને વિશ્વાસ જ નહોતો આવતો.

પૂજ્યશ્રીએ અમૂક આજ્ઞા આપી હતી; પતિને પરમેશ્વર માનો, તે કહે તેમ કરો, સદ્‌ગુરુ મળ્યા તો સત્સંગ પણ મળી જશે. ઈચ્છામાં ને ઈચ્છામાં વસ્તુની પ્રાપ્તિ છે.

સમાધિ મરણ માટેના ત્રણ સ્ટેપ બતાવ્યા:

(૧) જ્ઞાની પર અખંડ વિશ્વાસ...

(૨) કોઈ મારો દુશ્મન નથી, કોઈ મારો મિત્ર નથી...

(૩) અખંડપણે આત્મભાવ...

ચાર કલાક વાંચન, ચિંતન, લખાણ.

આજે મારી લાઈફ બહુ ચેન્જ થઈ ગઈ છે. મારા પતિ જેને પરમ કૃપાળુ દેવનું નામ માત્ર ગમતું ન હતું, નિત્યક્રમ કરવા ન દે તે આજે માર્ગમાં આવી ગયા છે. મારો સત્સંગ સરસ ચાલે છે. આત્મા સાક્ષી પુરે છે, આત્મા વિકાસ કરી રહ્યો છે. અનંત-ભવનું દર્શન મોહનીય કર્મ હતું તે જ્ઞાનીની કૃપાથી તુટ્યું. બધા જ કર્મ આધિન છીએ, એક આત્મા સિવાય કંઈ જ મારું નથી. તેમના માર્ગદર્શન અને પરમ કૃપાળુ દેવના આશીર્વાદ થી બધું જ સરસ થઈ ગયું છે.

